Tuesday 08, April 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૨૮૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫



## દાનહમાં ઉમલામેડા વળાંક પાસે જાનૈયા ભરેલી બસ પલ્ટી : ૧નું મોત, ૩૮ ઘાયલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૦૭ :** દાદરા નગર હવેલીના દપાડા ગામેથી કરચોન ગામે લગ્ન પ્રસંગ માટે ગયેલી ખાનગી જાન બસ શનિવારે રાત્રે પરત ફરી રહી હતી. ત્યારે ઉમલામેડા વળાંક પાસે અકસ્માત સર્જાયો હતો. સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં બસ પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં એક મહિલાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે કુલ ૩૮ યાત્રીઓ ઘાયલ થયા હતાં.


બસ નંબર DD 01 L 9551 દપાડા તરફ જઈ રહી હતી. ત્યારે ઉમલામેડાના વળાંક પર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતના અવાજ સાથે આસપાસના લોકોએ દોડી જઈ બચાવ કામગીરી શરૂ કરી હતી. પોલીસે તેમજ એમ્બ્યુલન્સની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઘાયલોને બહાર કાઢી સારવાર માટે ખસેડ્યા હતાં.

સત્તાવાર વિગતો મુજબ ૨૪ ઈજાગ્રસ્તોને ખાનવેલ સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી છે. જ્યારે ૧૩ ગંભીર ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે નમો મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. એક મહિલાને ઘટના સ્થળેથી મૃત હાલતમાં હોસ્પિટલ લાવવામાં આવી હતી.

હાલમાં બસ ડ્રાઈવર ફરાર હોવાનું સામે આવ્યું છે. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ



ધરી છે. ઘટનાને લઈને સ્થાનિક લોકોમાં ચકચાર મચી ગઈ છે અને પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.




### વલસાડનાં સાંસદ ધવલભાઈ પટેલે કેન્દ્રીય રોડ પરિવહન મંત્રી નિતિન ગડકરીને કરેલી રજૂઆતોને સફળતા

## પારડી-સુખેશ-કપરાડાનો રસ્તો રૂા.૮૨૫.૭૨ કરોડના ખર્ચે ફોરલેન બનશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ-ડાંગના સાંસદના સતત અથાગ પ્રયાસો થકી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૮૪૮ના પારડી (રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૮) જંકશન- સુકેશ- નાનાપોંઢા-કપરાડાથી ૩૭.૦૮ કીમી લંબાઈના ભાગને પેવ્ડ શોલ્ડર સાથે વિભાજિત કેરેજવે સાથે ૪-લેન બનાવવા માટે રૂપિયા ૮૨૫.૭૨ કરોડ મંજૂર કરાવ્યા હતા. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકાર સતત વિકાસ કાર્યોને વેગ આપી રહી છે. ત્યારે કેન્દ્રીય રોડ પરિવહન મંત્રી નીતિન ગડકરીને લોકસભાના દંડક, વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ



દ્વારા સતત રૂબરૂ મળીને કરવામાં આવેલા રજૂઆતો અને અથાગ પ્રયાસો થકી નિતીન ગડકરી દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૮૪૮ ના પારડી (રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૮) જંકશન- સુકેશ- નાનાપોંઢા-કપરાડાથી ૩૭.૦૮ કીમી લંબાઈના ભાગને પેવ્ડ શોલ્ડર સાથે વિભાજિત કેરેજવે સાથે ૪-લેન બનાવવા માટે રૂપિયા ૮૨૫.૭૨ કરોડ મંજૂર કરી વિશેષ પેકેજની જાહેરાત કરવામાં આવતા રોજિંદા હજારોની સંખ્યામાં અવરજવર કરતા વાહનચાલકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૮૪૮ ગુજરાતના વલસાડ નજીક પારડીને મહારાષ્ટ્રના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૮ પર થાણેથી નાસિક થઈને જોડે છે. સાંસદ ધવલ પટેલ દ્વારા આ રસ્તાઓ બાબતે સતત કેન્દ્રીય રોડ પરિવહન મંત્રી નીતિન ગડકરીજી સાથે રૂબરૂ મુલાકાત કરી આ સમસ્યાનો સુખદ નિરાકરણ લાવવા માટેની વારંવારની રજૂઆતો કરવામાં આવી હતી. ગત ૧૨મી માર્ચના રોજ સાંસદની મહત્વપૂર્ણ બેઠક બાદ કેન્દ્રીય રોડ પરિવન મંત્રીશ્રી દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે,જેની જાહેરાત મંત્રી દ્વારા પોતાના ઑફિશિયલ એકાઉન્ટ ઉપર શેર કરી છે, કેન્દ્રીય સરકારના મહત્વપૂર્ણ નિર્ણયના પગલે રોજિંદા હજારોની સંખ્યામાં મુસાફરી કરતા વાહન ચાલકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. સાંસદ ધવલભાઈ પટેલે સતત દેશના લોકોની ચિંતા કરતા અને દેશના વિકાસકાર્યો પર સતત કામ કરતાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો તેમજ કેન્દ્રીય રોડ પરિવહન મંત્રી નીતિન ગડકરીનો આભાર વ્યક્ત કર્યો હતો.

**3 BHK ફ્લેટ વેચણ અથવા ભાડે આપવાનો છે**

ગોકુલ વિહાર આંગણ ‘બી’માં પહેલા અને બીજા માળે, હવા ઉજાસવાળો, ૧૭૫૦ સ્કે.ફીટનો 3 BHK ફ્લેટ ખુબજ સારી કંડીશનમાં વેચવા અથવા ભાડે આપવાનો છે. (ગેટ નં.૨ની બાજુમાં હાઈવેની નજીક)

દલાલો આવકાર્ય

મો.નં. ૮૨૩૮૦૮૪૧૩૩ / ૯૮૨૫૨૧૫૧૩૩



# અન્ય સમાચારો

Tuesday 08, April 2025
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 08, April 2025

## નાના મોટા ચાર્જિસ વસૂલવાથી બેન્કિંગ કામકાજ મુશ્કેલ બન્યું!!

જીએસટી કલેક્શન માર્ચ, ૨૦૨૫માં ૯.૯ ટકા વધીને ૧.૯૬ લાખ કરોડથી વધુ છે. ગુજરાતની વાત કરીએ તો ૭૩૦૦૦ કરોડ જીએસટીની આવક થતાં ગયાં વર્ષ કરતાં ૧૪ ટકાનો વધારો થયો છે. કમનસીબી એ છે કે નાનામાં નાનો માણસ પણ જીએસટીની બહાર નથી, ભલે પછી તે સરકારી અનાજ મફત જ કેમ ન મેળવતો હોય. હવે ભારત દેશમાં ટેક્સના મામલે ખુબ ચર્ચા છે કે, શ્વાસ પર ટેક્સ નથી પણ ઓક્સિજન સિલિન્ડર લો તો ટેક્સ લાગે. એટલે બધે રસ્તે ટેક્સ વસૂલાય છે, હોસ્પિટલમાં જન્મો તો બિલ પર જીએસટી લાગે. પરણો ને પાર્ટીપ્લોટ, કેટરિંગ રાખો તો ટેક્સ, હનીમૂન હોટેલમાં થયું તો બિલ પર જીએસટી, તેરમાની ખરીદીનું બિલ બન્યું તો તેના પર જીએસટી નિયમ પ્રમાણે ટેક્સ લાગે જ ! મર્યા પછી પણ ટેક્સમાંથી મુક્તિ નહીં. મકાન, દુકાન, સ્મશાન એમ દરેક સ્થળે ટેક્સ લાગે જ ! જીએસટી ઉપરાંત બીજા અનેક નામે ટેક્સ લાગે, આવક પર તો ઈન્કમટેક્સ લાગે, પણ જેની આવક મજૂરીમાંથી છે ને ટેકસેબલ નથી, તે પણ બિસ્કિટ ખરીદે તો ટેક્સ લાગે. એ જ રીતે દવા લો, દારૂ લો, સોનું લો, ચાંદી લો, ટેક્સ લાગે ! એની સામે પ્રજાને મળે છે શું? હાઈ ક્વોલિટી કે વર્લ્ડ ક્લાસ સર્વિસ પ્રજાને મળી જતી નથી. સર્વિસ અપાય કે ન અપાય, સર્વિસ ટેક્સ લાગે તેવી અનેક ફરિયાદ સાંભળવા મળે છે. ટેક્સની વસુલાતમાં સરકાર સાથે બેન્કો પણ સર્વિસને નામે અનેક રીતે જે ચાર્જ વસૂલે છે તે સામાન્ય ગ્રાહકને તો નુકસાન કરવાનું જ કામ કરે છે. બેન્કના કર્મચારીઓ ટાર્ગેટ પૂરો કરવા ઘણી વાર ગ્રાહકને જરૂરી નહીં એવા પ્રોડક્ટ્સ વેચે છે. વાર્ષિક સાડા ત્રણ લાખ ફરિયાદોમાંથી વીસ ટકા ફરિયાદો આવી બિનજરૂરી -ોડક્ટ્સ ગ્રાહકોને વેચવાની છે. રિપોર્ટ કહે છે કે ત્રીસ ટકા ઈન્વેસ્ટર્સ મિસ લીડિંગ ઈન્ફોર્મેશનના શિકાર છે. એમ દંડ લાગતાં લાગતાં ખાતું ખાલી થઈ જાય તો નવાઈ નહીં.

પહેલી એપ્રિલ, ૨૦૨૫થી મિનિમમ બેલન્સ ખાતામાં નહીં રહે તો દંડ લાગશે. ! બીજી બેન્કના એટીએમમાંથી ત્રણ વખત પછી ઉપાડયા તો એન્ટ્રી દીઠ ૨૫ રૂપિયા ચાર્જ લાગશે. ૧ મેથી ફ્રી લિમિટ પૂરી થયા પછી એટીએમમાંથી દરેક એન્ટ્રી માટે વધારાના ૨ રૂપિયા ચૂકવવાના થશે. મતલબ કે ૧૭ના હવે ૧૯ થયા. એ જ રીતે બેલન્સ ચેક કરવાના ૬ રૂપિયા હતા, તે રૂપિયો વધીને ૭ થયા. મિનિમમ બેલન્સ પેનલ્ટીના રૂપમાં વિત્તીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૫૦૦ કરોડ બેન્કોએ વસૂલ્યા છે. ધારો કે ખાતાનો ઉપયોગ ઓછો થાય છે તો ઈન એક્ટિવિટી ફી ને નામે પણ ૧૦૦-૨૦૦ ચાર્જ વર્ષે લાગે છે. બેન્ક સ્ટેટમેન્ટ જોઈતું હોય તો સ્ટેટમેન્ટ ઈસ્યુ કરવાનો ચાર્જ ૫૦થી ૧૦૦ રૂપિયા છે. મેસેજથી એલર્ટના માધ્યમથી ખાતાની સ્થિતિ જાણવાના દરેક ક્વાર્ટરના ૨૦થી ૨૫ વસૂલાય છે. ઓનલાઈન પેમેન્ટ હોય તો તેની ટ્રાન્જેક્શન ફી લેવાય છે. કેટલીક બેન્કો પરાણે લોન આપે છે ને ગ્રાહક તે લે, તો તેનો -ોસેસિંગ ચાર્જ ૧થી ૩ ટકા અલગથી વસૂલાય છે. ગ્રાહક લોન વહેલી ભરપાઈ કરવા માંગે તો પ્રિ-ક્લોઝર ચાર્જિસ લાગે છે. સહી બદલવી હોય કે નૉમિની ડિટેઈલ્સ ચેન્જ કરવી હોય તો ૨૦૦ રૂપિયા પ્રતિ ટ્રાન્જેક્શન વસૂલાય છે. આમ અનેક રીતે ગ્રાહક ખંખેરાતો રહે છે. ૯૫ શિડયુલ્ડ કમર્શિયલ બેંકોમાં ૧ કરોડથી વધુ ફરિયાદો કસ્ટમર સર્વિસની છે. ટૂંકમાં, ૪૫ ટકાથી વધુ ગ્રાહકો બેન્કિંગ વ્યવસ્થાથી અસંતુષ્ટ જણાય છે. નાનામાં નાની સર્વિસ માટે પણ, ગ્રાહકોને લૂંટવાની એક પણ તક બેન્કો જતી કરતી નથી ત્યારે સવાલ એ થાય કે ગ્રાહક જોડે આવું ઓરમાયું વર્તન બેન્કો કેમ કરે છે?

### ગૃહિણીઓનું બજેટ ખોરવાશે

## ગેસ સિલિન્ડરના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો

### સબસિડી વાળા અને સબસિડી વગરના તમામ એલપીજી ગેસ સિલિન્ડર પર નવા ભાવો આવતીકાલથી લાગુ થશે : કેન્દ્રીય મંત્રી હરદીપ પુરી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૭ : પેટ્રોલ-ડીઝલ બાદ હવે સરકારે એલપીજી ગેસના ભાવોમાં પણ વધારો કર્યો છે. એલપીજી ગેસના ભાવ રૂ. ૫૦ સુધી વધારવામાં આવ્યા હોવાનું કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીએ જણાવ્યું છે. સબસિડી વાળા અને સબસિડી વગરના તમામ એલપીજી ગેસ સિલિન્ડર પર નવા ભાવો આવતીકાલે ૮ એપ્રિલ, ૨૦૨૫થી લાગુ થશે.

સામાન્ય ગ્રાહકો માટે એલપીજી સિલિન્ડરના ભાવ હવે રૂ. ૮૦૩થી વધી રૂ. ૮૫૩ થશે. જ્યારે ઉજ્વલા યોજના હેઠળ ૧૪.૨ કિગ્રાના એલપીજી સિલિન્ડરનો ભાવ રૂ. ૫૦૦થી વધી રૂ. ૫૫૦ થશે. નોંધલેવી કે, રાજ્યવાર એલપીજી ગેસના ભાવો અલગ અલગ છે. અમદાવાદમાં એલપીજી ગેસનો ભાવ હાલ રૂ. ૮૦૦ પ્રતિ ૧૪.૨ કિગ્રા છે. જો નવો ભાવ વધારો લાગુ થાય તો આવતીકાલથી ગૃહણીઓને ગેસ સિલિન્ડર માટે રૂ. ૮૫૦ ચૂકવવા પડશે.

પેટ્રોલિયમ અને નેચરલ ગેસના કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું કે, એલપીજી ગેસના ભાવોની દર ૧૫ દિવસે સમીક્ષા કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય ભાવોના આધારે તેમાં ફેરફાર કરવામાં આવશે. પેટ્રોલ-ડિઝલ પર પણ એક્સાઈઝ ડ્યૂટી લીટરદીઠ રૂ. ૨ વધારવામાં આવી છે. જો કે, તેનો બોજો સામાન્ય પ્રજા પર નહીં નાખવાનો આદેશ સ્ક્રને આપવામાં આવ્યો છે. એક્સાઈઝમાં વૃદ્ધિ પાછળનો ઉદ્દેશ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ રૂ. ૪૩૦૦૦ કરોડનું વળતર આપવાનો છે. OMCને ગેસ સેગમેન્ટમાં થયેલા નુકસાનની ભરપાઈ માટે છે. કેન્દ્ર સરકારે આ ભાવ વધારા પહેલાં અગાઉ બે વર્ષ સુધી એલપીજી ગેસના ભાવોમાં ઘટાડો કર્યો હતો. ગત વર્ષે ૯ માર્ચ, ૨૦૨૪ના રોજ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ. ૧૦૦નો ઘટાડો કર્યો હતો. તે પહેલાં ૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવ રૂ. ૨૦૦ સુધી ઘટાડ્યા હતા. ત્યારે ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત રૂ. ૧૧૦૩થી ઘટી ૯૦૩ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક મહિનામાં ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ફેરફાર થયો હતો, જ્યારે ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરના ભાવમાં છેલ્લે ગયા વર્ષે ઓગસ્ટ ૨૦૨૪માં ફેરફાર કરવામાં આવ્યો હતો. ત્યારથી LPG રસોઈ ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી.

## પેટ્રોલ-ડીઝલની એક્સાઈઝ ડ્યુટીમાં રૂ. ૨ નો વધારો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૭ : કેન્દ્ર સરકારે દેશમાં પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર રૂ. ૨નો વધારો કર્યો છે. આ નિર્ણયને સરકારની આવક વધારવા અને બજેટરી ખાધને નિયંત્રિત કરવાની વ્યૂહરચનાના ભાગ રૂપે જોવામાં આવી રહ્યો છે. વધેલી એક્સાઈઝ ડ્યુટી લાગુ થતાની સાથે જ ઓઈલ કંપનીઓ આ બોજ ગ્રાહકો પર નાખી શકે છે, જેના કારણે પેટ્રોલ અને ડીઝલના રિટેલ ભાવમાં ટૂંક સમયમાં વધારો જોવા મળી શકે છે. રાહતની વાત એ છે કે સરકાર દ્વારા એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવાની સાથે, સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તેની સામાન્ય ગ્રાહકો પર કોઈ અસર નહીં પડે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં વધઘટ વચ્ચે સરકારે આ નિર્ણય લીધો છે અને આ ફેરફાર આવતીકાલે, ૮ એપ્રિલ ૨૦૨૫થી અમલમાં આવશે. સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કર્યો હશે, પરંતુ તેણે એ વાતનો ઈનકાર કર્યો છે કે તેનાથી ગ્રાહકો પર અસર થશે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે એક્સાઈઝ ડ્યુટી દરમાં વધારા પછી, પીએસયુ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં વધારો ન કરવા કહેવામાં આવ્યું છે. હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે કાચા તેલની કિંમતોમાં અસ્થિરતા જોવા મળી રહી છે. આવી પરિસ્થિતિમાં, સરકારનું આ પગલું સામાન્ય માણસના ખિસ્સા પર વધુ બોજ લાવી શકે છે, ખાસ કરીને જે લોકો રોજિંદા વાહન દ્વારા મુસાફરી કરે છે અથવા પરિવહન ક્ષેત્ર સાથે જોડાયેલા છે. બીજી તરફ, સરકારનું તર્ક છે કે આ વધારાથી દેશની નાણાકીય સ્થિતિ વધુ મજબૂત થશે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત અન્ય વિકાસ યોજનાઓમાં નાણાંનું રોકાણ કરી શકાશે. નિષ્ણાતોનું માનવું છે કે જો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો સ્થિર રહે તો તેની અસર મર્યાદિત રહી શકે છે, પરંતુ જો ભાવ વધે તો મોંઘવારી પર પણ તેની અસર જોવા મળી શકે છે. હાલમાં જનતાને ઈંધણના ખર્ચ માટે થોડી વધારાની તૈયારી રાખવી પડી શકે છે.

ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘણા પરિબળો પર આધાર રાખે છે, જેમાં કેન્દ્ર સરકાર દ્વારા વસૂલવામાં આવતી એક્સાઈઝ ડ્યુટી અને રાજ્ય સરકારો દ્વારા લગાવવામાં આવતો વેટ (વેલ્યુ એડેડ ટેક્સ) મુખ્ય છે. વર્ષ ૨૦૨૧માં પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી ?૨૭.૯૦ પ્રતિ લિટર અને ડીઝલ પર ?૨૧.૮૦ પ્રતિ લિટર હતી.

મે ૨૦૨૨ માં, કેન્દ્ર સરકારે સામાન્ય લોકોને રાહત આપવા માટે પેટ્રોલના ભાવમાં ૮ રૂપિયા અને ડીઝલના ભાવમાં ૬ રૂપિયાનો ઘટાડો કર્યો હતો, ત્યારબાદ આ દરો અમલમાં આવ્યા હતા. હાલની વાત કરીએ તો, ભારતમાં પેટ્રોલ અને ડીઝલની મૂળ કિંમત આશરે ૩૨ રૂપિયા પ્રતિ લિટર છે. આના પર કેન્દ્ર સરકાર ૩૩ પ્રતિ લિટર એક્સાઈઝ ડ્યુટી વસૂલે છે.

આ પછી, વિવિધ રાજ્ય સરકારો પોતાના નિયમો અનુસાર વેટ અને સેસ લગાવે છે, જેના કારણે ડીઝલ અને પેટ્રોલના ભાવ તેમની મૂળ કિંમતથી લગભગ ત્રણ ગણા વધી જાય છે. જો આપણે સોમવારના ભાવની વાત કરીએ તો, નવી દિલ્હીમાં પેટ્રોલની કિંમત પ્રતિ લિટર ૯૪.૭૨ છે, જ્યારે મુંબઈમાં તે ૧૦૪.૨૧ પર પહોંચી ગઈ છે. કોલકાતામાં પેટ્રોલનો ભાવ ૧૦૩.૯૪ પ્રતિ લિટર અને ચેન્નાઈમાં ?૧૦૦.૭૫ પ્રતિ લિટર છે.

## ટ્રમ્પ, મસ્કની નીતિઓ સામે સમગ્ર USમાં ઉગ્ર દેખાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૭
અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના સલાહકાર ઈલોન મસ્કની નીતિઓનો વિરોધ કરવા માટે અમેરિકાના મોટાભાગના શહેરોની શેરીઓમાં હજારો લોકો ઉમટી પડ્યાં હતા અને ઉગ્ર વિરોધ કર્યો હતો. વોશિંગ્ટન, ન્યુ યોર્ક, હ્યુસ્ટન, ફ્લોરિડા, કોલોરાડો અને લોસ એન્જલસ સહિત ૧૨૦૦થી વધુ જગ્યાઓ પર વિરોધ રેલીનું આયોજન કરાયું હતું. વોશિંગ્ટનમાં, હજારો વિરોધીઓ નેશનલ મોલ પર એકઠા થયા હતાં જ્યાં ડઝનબંધ વક્તાઓએ ટ્રમ્પનો વિરોધ કર્યો હતો. ટ્રમ્પ જાન્યુઆરીમાં સત્તામાં આવ્યા પછી શનિવારના દેખાવો સૌથી મોટા હતાં. સરકારી કર્મચારીઓની છટણી, અર્થતંત્ર, માનવાધિકાર સહિતના મુદ્દે ટ્રમ્પની નીતિઓનો વિરોધ કરાયો હતો. ૧૫૦થી વધુ સંગઠનોએ તમામ ૫૦ રાજ્યોમાં ૧,૨૦૦થી વધુ જગ્યાએ 'હેન્ડ્સ ઓફ' આંદોલન કર્યુ હતુ. આ સંગઠનમાં નાગરિક અધિકાર સંગઠન, કર્મચારી યુનિયન, LBGTQ+, વાજબી ચૂંટણી કાર્યકર્તા વગેરેનો સમાવેશ થાય હતો. આ વિરોધ રેલીઓ એકંદરે શાંતિપૂર્ણ રહી હતી અને કોઈની ધરપકડ કે અટકાયતના અહેવાલ મળ્યાં ન હતાં. હજારો સરકારી કર્મચારીઓની છટણી, સામાજિક સુરક્ષા વિભાગની ફિલ્ડ ઓફિસો બંધ કરવી, કેટલીક એજન્સીઓના પાટિયા પાડી દેવા, ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવા, ટ્રાન્સજેન્ડર લોકોની સુરક્ષામાં ઘટાડો અને આરોગ્ય યોજનાના ફંડમાં ઘટાડો જેવા નિર્ણયોનો વિરોધ થયો હતો. ટ્રમ્પ સલાહકાર અને ટેસ્લા, સ્પેસએક્સ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠના માલિક મસ્ક સરકારી કર્મચારીઓની છટણીમાં મોટી ભૂમિકા ભજવી રહ્યાં છે. તેઓ નવા બનાવેલા ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીના વડા તરીકે ખર્ચકાપના આકરા પગલાં લઈ રહ્યાં છે. નવા વહીવટીતંત્રે સત્તા સંભાળી ત્યારથી વિરોધીઓ ટ્રમ્પ અથવા મસ્ક વિરુદ્ધ અનેક વખત દેશવ્યાપી દેખાવો કર્યા છે. વિરોધ પ્રદર્શનો અંગે વ્હાઈટ હાઉસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રેસિડન્ટ ટ્રમ્પનું વલણ સ્પષ્ટ છે. તેઓ હંમેશા લાયક લાભાર્થીઓ માટે સામાજિક સુરક્ષા, મેડિકેર અને મેડિકેડનું રક્ષણ કરશે.




### રાજસ્થાનમાં ભયાનક ગરમીનો કહેર

## ગુજરાત સહિત સાત રાજ્યમાં હીટવેવનું એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૭ : દિલ્હી સહિત દેશભરમાં એપ્રિલની શરૂઆતથી જ કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં પણ સવારથી જ શરીરને દઝાડતી ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. ગઈકાલે સૌરાષ્ટ્રમાં કંડલા અને રાજસ્થાનનું બાડમેર ૪૫.૬ ડિગ્રી તાપમાન સાથે દેશના સૌથી વધુ ગરમ શહેર રહ્યા છે. હવામાન વિભાગે આગામી ચારથી પાંચ દિવસ સુધી ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, ચંડીગઢ, દિલ્હી, પંજાબમાં હીટવેવની ચેતવણી આપી છે. બીજીબાજુ પૂર્વોત્તરના રાજ્યોમાં ૧૦ એપ્રિલ સુધી વરસાદ, આંધી-તોફાનની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, ગુજરાત અને દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનમાં અલગ અલગ સ્થળો પર લૂની સ્થિતિ સર્જાઈ હતી. બીજી બાજુ અરૂણાચલ પ્રદેશ, અસમ અને મેઘાલય, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલ, આંધ્ર પ્રદેશના દરિયા કિનારા, કર્ણાટકના અલગ અલગ સ્થળો પર તિવ્ર પવન ફુંકાવાની સાથે તોફાન જોવા મળ્યું હતું અને કેટલીક જગ્યાએ કરા પડયા હતા. હવામાન વિભાગે કહ્યું કે, ૬થી ૧૦ એપ્રિલ સુધી ગુજરાતમાં કેટલાક સ્થળો પર લૂ ચાલવાની સંભાવના છે. ગુજરાત તેમજ કોંકણ અને ગોવાના દરિયા કિનારાના ક્ષેત્રોમાં ગરમ અને સૂકુ વાતાવરણ રહેવાની શક્યતા છે. આ સિવાય રાજસ્થાન, હરિયાણા, ચંડીગઢ, દિલ્હી, મધ્ય પ્રદેશ અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં હીટવેવ જોવા મળી શકે છે. દિલ્હીમાં હાલ તાપમાન સામાન્યથી ૩ ડિગ્રી સે. વધુ છે. મહત્તમ તાપમાન ૩૮થી ૪૦ ડિગ્રી સે. વચ્ચે છે. આગામી દિવસોમાં તાપમાન ૪૨ ડિગ્રીથી ઉપર જઈ શકે છે. જેથી દિલ્હીમાં યલો એલર્ટ જાહેર કરાઈ છે.

રાજસ્થાનમાં ભયાનક ગરમીનો કેર ચાલુ રહેશે. આગામી દિવસોમાં રાજ્યના અનેક ભાગમાં હીટવેવની ચેતવણી અપાઈ છે. પશ્ચિમી રાજસ્થાનમાં તાપમાન ૪૨થી ૪૪ ડિગ્રી સે. સુધી જઈ શકે છે. જયપુર, જોધપુર અને બિકાનેર જેવા શહેરોમાં દિવસના સમયે આકરો તડકો અને ગરમ હવાનો પ્રકોપ રહેશે. લોકોને બપોરના સમયે ઘર-ઓફિસની બહાર ન નીકળવા સલાહ અપાઈ છે. પંજાબ અને હરિયાણામાં પણ હીટવેવની ચેતવણી અપાઈ છે. બંને રાજ્યોમાં મહત્તમ તાપમાન ૩૮થી ૪૧ ડિગ્રી સે. વચ્ચે રહી શકે છે. ચંડીગઢ, લુધિયાણા અને હિસાર જેવા શહેરોમાં દિવસના સમયે તાપ અને લૂની અસર જોવા મળી શકે છે. લઘુત્તમ તાપમાનમાં પણ વધારો નોંધાઈ શકે છે. હવામાન વિભાગે ઉમેર્યું કે, આગામી ચાર દિવસ ઉત્તર-પશ્ચિમ ભારત, મહારાષ્ટ્રના અનેક ભાગોમાં મહત્તમ તાપમાન ૨થી ૪ ડિગ્રી સે. સુધી વધવાની શક્યતા છે. મધ્ય ભારતના અનેક ભાગોમાં મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સે.નો વધારો જોવા મળી શકે છે. ત્યાર પછીના ત્રણ દિવસ દરમિયાન કોઈ મહત્ત્વપૂર્ણ ફેરફાર જોવા નહીં મળે.

## ઈઝરાયેલના હુમલામાં ગાઝામાં વધુ ૨૪ નાગરિકોનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાઝા, તા.૭
ગાઝા પટ્ટી પર ઈઝરાયેલી હુમલાઓમાં ૧૦ મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૨૪ લોકોના મોત થયા છે. ઈઝરાયેલે હમાસની સાથે યુદ્ધવિરામ સમજૂતી કરી હતી, પરંતુ તે પૂર્ણ થતાં જ ગત મહિનાથી ફરી હવાઈ અને જમીની હુમલાઓ તેજ કરી દીધા છે. આ હુમલાઓ આતંકવાદીઓને યુદ્ધવિરામ અને બંધકોને મુક્ત કરવા માટે એક નવી સમજૂતિ સ્વીકારવાનું દબાણ બનાવવા માટે કેટલાય હુમલા કર્યા અને કેટલાક વિસ્તારો પર કબજો કર્યો. ઈઝરાયેલે ભોજન, ઈંધણ અને માનવીય સહાયની આયાત પરણ રોકી દીધી છે. તાજેતરમાં, દક્ષિણમાં આવેલા ખાન યુનિસ શહેરમાં એક તંબૂ ને એક ઘર પર હુમલો કર્યો, જેમાં પાંચ પુરુષો, પાંચ મહિલાઓ અને પાંચ બાળકો માર્યા ગયા છે. આ માહિતી નાસિક હોસ્પિટલે આપી છે. જ્યાં તમામના મૃતદેહો પડ્યા છે.

ઉલ્લેખનીય છે કે આતંકવાદી સંગઠન હમાસે ૭મી ઓક્ટોબર, ૨૦૨૩એ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો, જેમાં લગભગ ૧૨૦૦ લોકો માર્યા ગયા હતા અને ૨૫૧ લોકોને બંધક બનાવ્યા હતા. ગાઝામાં હજુ પણ ૫૯ બંધક છે, એમાંથી ૨૪ જીવતા હોવાનો અંદાજ છે. બીજી તરફ, હમાસને ખતમ કરવા માટે ઈઝરાયેલે કરેલા હુમલામાં પેલેસ્ટાઈનના અત્યાર સુધીમાં ૫૦,૬૫૯ નાગરિકો માર્યા ગયા છે અને ૧૧૫,૩૩૮ નાગરિકો ઘાયલ થયા છે.

## ટ્રમ્પના ટેરિફ એટેકથી કઈ વસ્તુઓ થશે મોંઘી, કઈ વસ્તુ થશે સસ્તી?

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૭ : અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બીજીવાર સત્તા સંભાળ્યા બાદ ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. પહેલા તેમણે ગેરકાયદે પ્રવાસીઓ વિરુદ્ધ અભિયાન શરૂ કરી દીધુ અને સાંકળથી હાથ બાંધીને લોકોને તેમના દેશ પહોંચાડવા માંડયા. તેમણે હમાસ અને રશિયા પર યુદ્ધ રોકવા માટે દબાણ કર્યું અને હવે ટેરિફ વોર છેડીને વેપાર યુદ્ધ જ શરૂ કરી દીધુ. ટેરિફ અભિયાન હેઠળ તેમણે હવે લગભગ ૧૮૦ જેટલા દેશો પર ટેરિફ ઝીંક્યો છે અને ત્યાંથી આયાત થતા સામાન પર મોટા પાયે ટેરિફ લગાવ્યો છે. દરેક સામાનની આયાત પર ઓછામાં ઓછા ૧૦ ટકા ટેરિફ લાગ્યો છે. ૨ એપ્રિલથી લાગૂ થયેલો આ નિર્ણય અમેરિકાના ઈતિહાસની સૌથી મોટી વેપારી નીતિ છે. જેની અસર ભારતમાં પણ જોવા મળે તેવી આશંકા છે. જ્વેલરી માર્કેટ, ગારમેન્ટ એક્સપોર્ટ સહિત ભારતમાં અનેક ઉદ્યોગો પર તેની સીધી અસર જોવા મળી શકે છે. અનેક ચીજો મોંઘી થઈ શકે છે.

ભારત પણ ઓ દેશોમાં સામેલ છે જેના પર અમેરિકાએ મોટો ટેરિફ લગાવ્યો છે. હવે ભારતથી અમેરિકા જતા કોઈ પણ સામાન પર ઓછામાં ઓછો ૨૬ ટકા ટેરિફ લાગશે. ટ્રમ્પ પ્રશાસનનું કહેવું છે કે ભારત અમારા સામાન પર ૫૨ ટકા સુધીનો ટેરિફ લગાવે છે. આ અન્યાય છે અને તેના કારણ કે અમે ૪૬ અબજ ડોલર સુધીનું વેપારી નુકસાનનો સામનો કરીએ છીએ. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનનું કહેવું છે કે આ તો જેવા સાથે તેવા જેવો ટેરિફ છે. પરંતુ ૧૮૦ દેશો જોડે એક સાથે ટેરિફ વોરમાં ઉતરીને અમેરિકાએ સમગ્ર દુનિયાની ચિંતાઓ વધારી દીધી છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM KALPANA UTTAMBHAI PATEL TO KALPANABEN UTTAMBHAI PATEL ADDRESS: - 15/338, MASHAL CHAWK, OPP SAI KRUPA SOCIETY NO-2, KATHIRIA, NANI DAMAN-396210.

**SSR MEMORIAL TRUST'S COLLEGES**

**SAYLI ROAD, SILVASSA-396 230**
**U.T. of Dadra & Nagar Haveli**
**Affiliated with Savitribai Phule Pune University**

**APPOINTMENTS FOR POSTS OF PRINCIPAL & PHYSICAL DIRECTOR**

**Applications are invited from eligible candidates for the following Posts of Various Colleges for the Academic Year 2025-2026.**

**SSR COLLEGE OF EDUCATION**
**Email: ssreducollege@gmail.com**
**NAAC Accredited with B+ Grade**

| Sr. No. | Post | No. of Posts | Category |
|---|---|---|---|
| 1 | Principal | 01 | Open |

**Note:**
* The qualifications for the above post are as per NCTE Regulations 2014 & 2019/ UGC/Savitribai Phule Pune University/ Govt. of Maharashtra, Pune. Applicant who is already employed must send his/her application through proper channel.
* Interested and Eligible candidates may apply with their updated Resume, Passport Size Photograph and self attested true copies of all testimonial with all experience certificates so as to reach undersigned within 15 days from publication of this advertisement at SSR Memorial Trust, Sayli, Silvassa- 396240, U.T. of Dadra & Nagar Haveli.ssreducollege@gmail.com

**SSR COLLEGE OF ARTS, COMMERCE AND SCIENCE**
**Email: ssreducollege@gmail.com**
**NAAC Accredited with B+ Grade**

| Sr. No. | SUBJECT | POST | No.OF POST | Category |
|---|---|---|---|---|
| 1 | Physical Education | Director of Physical Education | 01 | Open |

**Note:**
* The Qualification and Experience for the above post is applicable as per the UGC, SPPU, Pune and Govt. of Maharashtranorms (NET /MH SET/ Ph.D. in Physical Education). Applicant who is already employed must send his/her application through proper channel.
* Eligible candidate may apply with an application along with updated resume, Passport Size Photograph and all the testimonials (self-attested) within 15 days from the date of publication of advertisement at SSR Memorial Trust, Sayli, Silvassa- 396240, U.T. of Dadra & Nagar Haveli.**Email:principal@ssracs.edu.in**

**Date:**
**Place: Silvassa, UT of Dadra & Nagar Haveli**

**SD/-**
**Secretary**
**SSR Memorial Trust**
**Sayli, Silvassa**

# વાપીમાં ભાજપાના સ્થાપના દિનની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** વાપીમાં નાણામંત્રી અને સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈના જન સંપર્ક કાર્યાલય ખાતે ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ ની ઉજવણી કરવામાં માં આવી સાથે મંત્રીશ્રી ની આગેવાનીમાં હરિયા હોસ્પિટલના દર્દીઓને ફ્રુટ અને નાસ્તો અર્પણ કરાયો. તથા વાપી મહાનગરપાલિકાના દરેક ૧૧ વડો માં સ્થાપના દિવસની ઉજવણી સાથે ગરમીથી બચવા માટે છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પારડી વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના નાણાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના વાપી જીઆઈડીસી ગુંજન ખાતે આવેલ જન સંપર્ક કાર્યાલય ખાતે ભારતીય જનતા પાર્ટીનો ૪૬ મો સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ભારત માતાની પ્રતિમાને ફુલહાર કરી જનસંઘથી ભાજપના સ્થાપના સમયથી જોડાયેલા એવા રજનીકાંતભાઈ જોશીનું બહુમાન કરી તેઓએ ઉપસ્થિત રહેલા ભાજપના કાર્યકર્તા તથા હોદ્દેદારોને ભાજપની સ્થાપના કારથી આજ સુધીની રૂપરેખા જણાવી હતી આ પ્રસંગે તેમની સાથે વલસાડ જિલ્લા ભાજપના મહામંત્રી સીલ્પેશભાઈ દેસાઈ માજી સાંસદ ડોક્ટર કે સી પટેલ વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ વાપી તાલુકા ભાજપ પ્રમુખ સમય ભાઈ પટેલ પ્રદેશ એસી એસટી ના ઉપપ્રમુખ વસંતભાઈ પરમાર વાપી શહેર ભાજપના માજી પ્રમુખ સતિષભાઈ પટેલ મિતેશભાઈ દેસાઈ વાપી નોટિફાઇડ ભાજપ સંગઠનના માજી પ્રમુખ હેમંતભાઈ પટેલ તથા વિવિધ ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું આયોજન વાપી શહેર ભાજપ સંગઠનના પ્રમુખ મનીષભાઈ દેસાઈ અને તેમની ટીમ દ્વારા કરાયું હતું.

# દમણમાં ભાજપ સ્થાપના દિને મેરેથોન દોડ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૭ :** ભાજપ તેનો ૪૬મો સ્થાપના દિવસ ઉજવી રહ્યો છે, આ પ્રસંગે નમો પથ પર મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાજપના પ્રદેશ પ્રભારી દુષ્યંત ભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ પ્રમુખ દીપેશ ટંડેલ સહિત અનેક અધિકારીઓ હાજર રહ્યા હતા.

મેરેથોન દોડમાં ત્રણ હજારથી વધુ યુવાનો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોએ ભાગ લીધો હતો.

ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ અને સ્થાપના દિવસ કાર્યક્રમના સંયોજક નવીન પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ મહેશ અગરિયા સહિત ઘણા લોકો હાજર રહ્યા હતા. મેરેથોનમાં ત્રણ શ્રેણીઓ હતી. ૨, ૪ અને ૬ કિલોમીટરની દોડમાં ઘણા લોકોએ ભાગ લીધો હતો. મેરેથોન પહેલા યુવાનોએ જુમ્મા ડાન્સ પર નાચ્યું. ભાજપ દ્વારા વિજેતાઓને ટ્રોફી, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ખાનવેલમાં ત્રણ ભાષાની પાટશાળાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૦૭ :** જિલ્લા પંચાયતના પ્રાથમિક શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ તથા પ્રાથમિક શિક્ષણ અધિકારી જયેશ ભંડારજીના સુચનથી તા. ૫ એપ્રિલ, શનિવારે ખાનવેલ સ્થિત બિરસા મુંડા સરકારી શાળાએ અંગ્રેજી, ગુજરાતી અને મરાઠી માધ્યમની તમામ પેટા પ્રાથમિક શાળાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ ઊજવાયો હતો. કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી કરાયો હતો. અંગ્રેજી માધ્યમની આચાર્યા શ્રીમતી લક્ષ્મી નાયરે મુખ્ય વક્તા તરીકે સ્વાગત ભાષણ આપ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું ફૂલપોટ અને પુષ્પગૂચ્છ આપી સ્વાગત કરાયું હતું.

વિદ્યાર્થીઓ દ્વારા રમતગમત અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં મેળવેલી સિદ્ધિઓ બદલ પ્રમુખ મહેમાનોના હસ્તે એવોર્ડ વિતરણ કરાયું હતું. કાર્યક્રમમાં સભ્ય સરપંચ સોનજી કુરકુટિયા, સહાયક શિક્ષણ અધિકારી સેન્ડ્રા, BRC કોર્ડિનેટર અલલારખા વોરા, સ્પોર્ટ્સ કોર્ડિનેટર ઝાંખરિયા કાકવા, તેમજ આચાર્ય શ્રીમતી અલ્પા આહિર, ડિમ્પલબેન અને નિમિષા દેસાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ત્રણે માધ્યમના આચાર્યો તથા CRC કોર્ડિનેટર સંજય ચૌધરી, કૃતિકા પરમાર, અતુલ કોમ તથા કાર્યકારી આચાર્યઓ અજય શિંપી, તુકારામ થોરાત અને પાંડુ મિશાળે સમગ્ર આયોજનને સફળ બનાવ્યું હતું. દરેક શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી.


વિદ્યાર્થીઓએ દેશપ્રેમ, શિક્ષણ, નશામુક્તિ, બાળલગ્ન નિવારણ, મહિલા સશક્તિકરણ, આત્મહત્યા અટકાવવાની જાગૃતિ અને આદિવાસી સંસ્કૃતિ જેવા વિષયો પર નાટિકા, ગીતો અને નૃત્યોના માધ્યમથી ભાવસભર રજૂતો આપી હતી, જેને વિહ્વળ દર્શકોએ હૃદયપૂર્વક વખાણી હતી. આ પ્રસંગે સરપંચ સોનજીભાઈ તથા બીઆરસી કોર્ડિનેટર અલલારખા વોરાએ વિદ્યાર્થીઓને ઉદ્દેશીને જણાવ્યું હતું કે મજબૂત ઈચ્છાશક્તિ અને અવિરત મહેનતથી તેઓ પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે છે. વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમણે આયોજકોનો આભાર માન્યો હતો. ગ્રામ પંચાયત, ખાનવેલના સરપંચશ્રીએ વિદ્યાર્થીઓના ઉત્સાહવર્ધન માટે રૂપિયા ૫,૦૦૦નું પ્રોત્સાહન આપ્યું હતું. અંતે અંગ્રેજી માધ્યમના આચાર્યશ્રી અજય શિંપીએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમ ખૂબ જ ભવ્ય રીતે સંપન્ન થયો હતો.

# દમણમાં રામ નવમી નિમિત્તે શોભાયાત્રા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૬ :** રામ નવમી નિમિત્તે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વરચોકી ખાતે ભગવાન રામની પૂજા કરવામાં આવી હતી. આ પ્રસંગે દમણ દીવના સાંસદ ઉમેશ પટેલ અને ભૂતપૂર્વ સાંસદ લાલુભાઈ પટેલ સહિત સેંકડો લોકો હાજર રહ્યા હતા. દમણમાં તમામ સમુદાયના પ્રમુખો અને નેતાઓ વતી ખાસ આરતી કરવામાં આવી હતી. શોભા યાત્રામાં અવિભાજિત ભારતનો શણગાર કરવામાં આવ્યો હતો. પર્યાવરણ જાળવવા માટે, શોભાયાત્રા શરૂ થાય તે પહેલાં છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા ખારીવાડથી શરૂ થઈ, બસ સ્ટેન્ડ, જપાબાર, તીન બત્તી, મસાલા ચોક થઈને એરપોર્ટ રોડ પર સમાપ્ત થઈ. શોભાયાત્રાના સ્વાગત માટે, ભક્તોએ વિવિધ સ્થળોએ પાણી અને છાશની વ્યવસ્થા કરી હતી. જય શ્રી રામ, જય શ્રી રામના નારા સાથે ચારે બાજુ ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું.



# લાવ તારી હથેળી, સરનામું લખી દઉં...!

કોઈની હથેળી સુધી પહોંચું, એટલો બાહોશ કે સાહસિક હું નથી. લગન પછી wifeની હથેળીમાં ડોકિયા કરવાની ત્રેવડ ના હોય, એ કોઈની હથેળીમાં સરનામું લખવા જાય..? આ તો મગજની 'હોટશિટ' ઉપર બેસાય ગયું, ને મરવા પડેલા ડહાપણને કુંપણ ફૂટી, કે લાવ આજે સરનામાં ઉપર રંગકામ કરું..! જેથી, ચિંતકોને ફિલ નહિ થાય કે, ચમનીયાનું ભેજું હવે ફળદ્રુપ નથી..! તાજમહાલ-કુતુબમિનાર-ગેટ વે ઓફ ઈન્ડિયા કે ઔરંગઝેબની કબર ખોદવા સુધીના ખોદકામ તો બધા કરે, મને આજે સરનામાં ઉપર ઝરી કામ કરવાની ઉપડી. મદારીની જેમ મગજના થેલામાં હાથ નાંખ્યો તો 'સરનામા' નો વિષય નીકળ્યો. એની જાતને...ફસાય ગયો યાર..? વઢકણી wife સામે લાકડા ની તલવારબાજી કરતો હોય એમ, લખતા લખતા પરસેવાન થઇ ગયો. સરનામાની કુંડળી કાઢવામાં, મારું સરનામું ભૂલી ગયો બોલ્લો..! બંદાને એમ કે, સરનામું એટલે, ભાળ-પત્તો-ઠામ ને ઠેકાણું વાર્તા પૂરી..! એમાં બીજો શું તેજાનો આવવાનો..? પઅઅણ...વાળંદ છૂટે ને ખૂંપરો ફૂટે એમ, વિચાર આવે આવે ને ઉડી જાય..! આખા શરીરે મધમાખી કઈડી ગઈ હોય એવી પીડા ઉપડી. સરનામું ઐસી ચીજ હૈ..! મરે ત્યાં સુધી ફીટે નહિ..! નામી નનામી નહિ થાય ત્યાં સુધી સરનામુ વળગેલું હોય..! માથા દીઠ અનાજ મળે, એમ દરેક પાસે માથા દીઠ પોતાનું સરનામું હોય. ન્યાત-જાત-કુળ-ધર્મ જેવી જફા કે ઝંઝટ સરનામાને આડે આવતી નથી. પછી સુનીતા વિલિયમ સ્પેસમાં હોય કે પૃથ્વીના પટ ઉપર, સરનામુ એની સાથે જ હોય. સ્પેસમાં પણ એ પોતાના સરનામા સાથે જ ઉડતા હોય. જો કે, કોઈના ખાંખાખોરા કરવાની આદત નથી, બાકી ખોળવા બેસીએ તો, ક્યારેક સરનામું મળે તો. માણસ ના મળે. અને માણસ મળે તો, સરનામું ના મળે..! સાધુઓની કથા કરીએ તો, ક્કસાધુ તો ચલતા ભલા..!' એ જ્યાં પણ 'અલખ નિરંજન' નો નાદ કાઢે, તે જ એનું સરનામું..! તેમના નામે નામુ પણ ના હોય, ને સરનામું પણ..! જો કે, સાધુઓમાં પણ, આજકાલ તો અનેક પ્રકાર..! Branded સાધુઓની તો આખી વાત જ અલગ.! જે સરનામાથી નહિ, પોતાની વેબ-સાઈડ થી ઓળખાય..! ઉપરથી પાછું એવું કહે કે, 'યે સબ ભગવાનકી માયા હૈ..! બોલ્લો...ચચરે કે નહિ..?

એટલી તો ખબર પડી કે,




સરનામુ માનવીનું અનિવાર્ય અંગ છે. જેની પાસે સરનામું નથી, એની જિંદગી બારી વગરના બંગલા જેવી છે. એના સિવાય વિશ્વનો બીજો મહાન ગરીબ કોઈ ના કહેવાય. આવા લોકો માટે 'વિશ્વ ગરીબ દિવસ' ઉજવીને, સરનામાં આપવાના કાર્યક્રમ કરવા જોઈએ..! આ તો એક Tip આપું..! બાકી, જિંદગીનું પણ આવું જ છે. એના કપાળમાં કાંદા ફોડું, જિંદગી જીવાય તો જાય, પણ જેના થકી જીવ્યા એના સરનામાં જ ભૂલી જાય..! શાણા માણસોએ wife અને સરનામું, ક્યારેય બદલવું નહિ. છતાં, 'પંખીડાને આ પીંજરું જુનું જુનું લાગે' ની માફક ઘણાને બદલવાની હેડકી આવતી જ હોય. ભગવાને ભારતમાં જન્મ આપ્યો તો સખણા રહો ને યાર..? કોઠા-કબાડા કરીને USA ગયા તો, ટ્રમ્પદાદાએ કેવી વલે કરી? લીલા તોરણે જાન પાછી આવી ને ? સ્થળચર-જળચરની માફક એક જ સરનામે રહીએ તો, ભગવાનને પણ ભૂલ નહિ પડે કે, 'પાર્સલ કરેલો મારો ધંતુરો હાલ ક્યા દેશમાં છે..?' પશુ-પક્ષીઓને કોઈ સરનામાં હોતા નથી. જે ડાળી ઉપર પક્ષી બેસે એ જ એનું સરનામું..! નહિ એના Email હોય કે નહિ એમના પોસ્ટ બોક્ષ નંબર..! કુતરું જ્યાં મુકામ કરે તે જ એનું સરનામું, એમ સિંહ જ્યાં બેસે ત્યાં એનું સિંહાસન અને તે જ એનું સરનામું..!

તાજમહલ, કુતુબ મીનાર કે લાલ કિલ્લો નામે ના હોય તો, કોઈ પૂછવાનું નથી. મા-બાપ કે પરિવાર ના હોય, સોનું ચાંદી લોન કે શેર બજાર સાથે નાતો ના હોય તો પણ જિંદગી ગબડવાની જ છે..! પણ સરનામા વગર નહિ ચાલે..! સરનામું પોતીકી મિલકત છે મામૂ..? જેની કીમત ધારક કરતા કુરિયરવાળા કે ટપાલીને વધારે હોય. સરનામું હોય તો જ આપણા આંગણા પાવન કરવા કોઈ આવે. સરનામું ગમે એટલું ભવ્ય હોય, સુંદર હોય, ભરાવદાર હોય, પણ એમાં આપણો માલિકી ભાવ છે. ઘણા લોકો સરનામામાં લખે, 'માતૃ-પિતા કૃપા..!' જોવા જાવ તો, મા-બાપ વૃધ્ધાશ્રમની ચોગઠમાં ટહેલતા હોય..! સરનામામાં લખ્યું હોય આનંદદ્વાર, અને ત્યાં 'રડારોળ' ચાલતી હોય..! આવું જ નામમાં પણ મામૂ..! કન્યા રાશિવાળાનાં હાડકે પીઠી ના લાગતી હોય. સિંહ રાશિવાળો બિલાડાથી ડરતો હોય..! અને ધન રાશિવાળો ભીખ ઘર ઘર અલક ચલાણી રમતો હોય..!

સાલી શું કમનસીબી છે? જન્મ્યા પછી, માણસ પોતાનું નામ પાડી શકતો નથી, અને ઉકલી ગયા પછી પોતાનું નામ કઢાવી શકતો નથી. સીધીસટ વાત છે કે, સરનામું આપવાનો અધિકાર એક માત્ર ભગવાન પાસે જ છે. જે ઘરે એ પાર્સલ કરે એ જ એનું સરનામું..! છતાં, સરનામાં બદલવાના ધાંધિયા છોડે નહિ. નામ હોય કે, સરનામું, આ બધા શ્વાસના ખેલ છે બોસ..! એક ભિખારી મંદિરે ગયો, ચર્ચમાં ગયો. મસ્જીદની આસપાસ પણ ગયો, પણ કોઈએ પાઈ શુદ્ધાં નહિ પરખાવી. કંટાળીને શરાબની દુકાન આસપાસ ગયો તો, શરાબીઓએ એનો કટોરો ભરી દીધો. ત્યારે એ બોલ્યો. 'વાહ કુદરત..! તું સરનામું ક્યાંનું આપે, ને નીકળે ક્યાંથી..? કોઈ કવિએ સાચું જ કહ્યું છે કે,

એક બિચારાએ લખી લખીને
લખ્યો પ્રભુને કાગળ
સરનામું એવું કર્યું કે મંદિર
મસ્જિદ આગળ પાછળ
શેરા સાથે પાછુ આવ્યું, આ
સરનામું ના ઉકલ્યું છે
ત્યારે બિચારાને ખબર પડી,
ઈશ્વરે ઘર બદલ્યું છે

**લાસ્ટ બોલ**

સિંહ અને સિંહણ ઝાડ નીચે આરામ ફરમાવતા હતા. ત્યાં એમની સામેથી એક હરણ એકદમ સ્પીડમાં ભાગી ગયું. સિંહણે આ જોયું, અને સિંહને પૂછ્યું 'બેબી..! આ શું હતું..?'

સિંહ કહે, 'જાનુ...! એ Fast food હતું...!

# દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે થતી ખેતી એટલે પ્રાકૃતિક ખેતી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતી મિશન મોડમાં ચાલી રહી છે ત્યારે હજુ પણ એવા અનેક ખેડૂતો છે કે જેઓમાં પ્રાકૃતિક ખેતી વિશે જાગૃતિ આવવી જરૂરી છે. જેથી બાકી ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી તરફ વળી શકે. જે માટે સૌ પ્રથમ પ્રાકૃતિક ખેતીને સમજવી જરૂરી છે. ખેડૂત મિત્રોના મગજમાં સૌથી પહેલા સવાલ ઉઠે છે કે, પ્રાકૃતિક ખેતી એટલે શું?. તો પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિના મૂળભૂત સિધ્ધાંતો આધારિત દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે થતી ખેતી. પાકની વૃધ્ધિ માટે જરૂરી ખેત સામગ્રી બહારથી ન લેતા, પ્રાકૃતિક સામગ્રી દ્વારા જ જાતે જ બનાવવામાં આવે છે. બીજો સવાલ ખેડૂત મિત્રોના મગજમાં આવે કે, પ્રાકૃતિક ખેતી શા માટે અથવા તેના ફાયદા શું છે. જે અંગે આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર ડી.એન.પટેલ જણાવે છે કે, પ્રાકૃતિક ખેતીના અધધ ફાયદા છે. આ ખેતીથી જમીનની ફળદ્રુપતાનું જતન, ખેતી ખર્ચમાં ઘટાડો, ખેડૂતની એકંદર આવકમાં વધારો, કૃષિ ક્ષેત્રે ગાયની મહત્તાનંન પુનઃસ્થાપન, માનવજાતના સ્વાસ્થ્યનું જતન, પર્યાવરણની જાળવણી, પાકને અનુકૂળ સુક્ષ્મ પર્યાવરણનું વ્યવસ્થાપન, જમીનની ભેજ ધારણમાં વધારો એટલે કે જળસંચય, પાણી અને વીજળીની બચત, જમીનનું ધોવાણ અટકે, અળસિયા અને અન્ય ઉપયોગી સુક્ષ્મજીવોની ક્રિયાશીલતામાં વધારો, જમીનમાં કાર્બનિક પદાર્થોનો ઉમેરો, હ્યુમસનું નિર્માણ, પોષક તત્વોનું કુદરતી રીતે વ્યવસ્થાપન, જમીનમાં હવાની અવર જવરમાં વધારો, પાકના



વૃધ્ધિ વિકાસ માટે જરૂરી હોર્મોન્સનું નિર્માણ, મિત્ર કિટકો અને પરોપજીવીનું રક્ષણ, રોગ જીવાતનું કુદરતી રીતે વ્યવસ્થાપન, નિંદામણનું કુદરતી વ્યવસ્થાપન અને આત્મનિર્ભર ખેડૂતથી આત્મનિર્ભર ભારતનું નિર્માણ થઈ શકે છે. જેથી આજના સમયમાં પ્રાકૃતિક ખેતી અનિવાર્ય બની છે. પ્રાકૃતિક ખેતીથી જમીન અને આપણુ સ્વાસ્થ્ય પણ સારૂ રહે છે.

દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીમાં માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી થતા ફાયદા અંગે વલસાડ જિલ્લાના આત્મા પ્રોજેકટના ડેપ્યુટી ડાયરેક્ટર વિમલ પટેલે જણાવે છે કે, એક દેશી ગાયથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી શક્ય છે. ઓછો ઉત્પાદન ખર્ચ અને વધારે ભાવ, બે થી અઢી ગણું વધારે ઉત્પાદન, ૯૦ ટકા પાણી અને વીજળીની બચત તેમજ પ્રાકૃતિક આફતો સામે પાકનું રક્ષણ મળી શકે છે.

વધુમાં તેઓ જણાવે છે કે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા માટે સૌ પ્રથમ ખેડૂતોએ પોતાની ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો વપરાશ બંધ કરવો જોઈએ અને દેશી ગાયના ગૌમૂત્ર, ગોબરમાંથી તૈયાર કરેલા ઘનજીવામૃતનો ઉપયોગ કરી જમીન તૈયાર કરવી ત્યારબાદ વાવેતર વખતે પાકના બિયારણને બીજામૃતનો પટ આપી વાવેતર કરવુ અને ઉભા પાકમાં પિયતના પાણી સાથે જીવામૃત આપવુ, પ્રાકૃતિક કૃષિના પંચામૃત મુજબ સંપૂર્ણ ખેતી કરવાથી સારા પરિણામો મળે છે. જેથી રાસાયણિક ખેતી કરતા ખેડૂતોએ પણ સમાજના અને પોતાના પરિવાર માટે પરોપકારી ગણાતી પ્રાકૃતિક ખેતી તરફ વળે એ સમયની માંગ છે.

# હિટવેવ સામે રક્ષણ મેળવવા અંગેની માર્ગદર્શિકા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૭ :** ડાંગ જિલ્લામાં હિટવેવની અસર વર્તાઈ રહી હોવાથી તેનાથી બચવા માટે સુરક્ષિત રહેવાના પગલાંઓ લેવા જરૂરી છે. માટે લોકોએ હીટવેવથી બચવા માટે શું કરવું અને શું ન કરવું તે માટે નીચે મુજબના પગલાં લેવા જિલ્લા વહીવટી તંત્ર ડાંગ તરફથી અનૂરોધ કરવામાં આવ્યો છે.



**હિટવેવથી બચવા શું કરવું**

સ્થાનિક હવામાનની આગાહી માટે રેડિયો સાંભળો, ટીવી જુઓ તથા અખબાર વાંચો.

પુરતું પાણી પીવું તથા ORS, ઘરે બનાવેલા પીણાં જેવા કે લસ્સી, પાકી કેરીનો રસ(કાચી કેરી), લીંબુ પાણી,છાશ વગેરેનો ઉપયોગ કરવો, જે શરીરને ફરીથી હાઈડ્રેટ કરવામાં મદદ કરે છે.

હળવા, હળવા રંગના, ઢીલા અને છિદ્રાળુ સુતરાઉ કપડાં પહેરવા.

બને તેટલું ઘરની અંદર રહેવું તથા તડકામાં બહાર જતી વખતે ગોગલ્સ, શુઝ અથવા ચપ્પલનો ઉપયોગ કરવો. તમારા માથાને ઢાંકવા માટે કાપડ, ટોપી અથવા છત્રીનો ઉપયોગ કરવો.

તમારા ઘરને ઠંડુ રાખો, પડદા, શટર અથવા સનશેડનો ઉપયોગ કરો અને રાત્રી બારીઓ ખોલવી.

હિટ સ્ટ્રોક, હીટ રેશ અથવા હીટ ક્રેમ્પ જેવા કે નબળાઈ, ચક્કર આવવાના સંકેતોને ઓળખો

તમે બેભાન અથવા બીમાર અનુભવો છો, તો તરત જ ડોક્ટરને મળો.

પ્રાણીઓને છાંયડામાં રાખો અને તેમને પીવા માટે પુષ્કળ પાણી આપો.

સગર્ભા, કામદારો અને તબીબી સ્થિતિ ધરાવતા કામદારો પર વધારે ધ્યાન આપવું.

**હિટવેવથી બચવા શું ન કરવું**

તડકામાં બહાર જવાનું ટાળો.

ઘાટા, ભારે અથવા ચુસ્ત કપડાં પહેરવાનું ટાળો.

જ્યારે બહારનું તાપમાન વધારે હોય ત્યારે સખત પ્રવૃતિઓ ટાળો.

બપોરે બહાર કામ કરવાનું ટાળો.

ખુલ્લા પગે બહાર ન જાવ.

પીક અવર્સ દરમિયાન રસોઈ કરવાનું ટાળો. રસોઈ વિસ્તારને પૂરતા પ્રમાણમાં હવાની અવર-જવર માટે દરવાજા અને બારીઓ ખોલો.

બાળકો અથવા પાલતુ પ્રાણીઓને પાર્ક કરેલા વાહનોમાં છોડશો નહીં-કારણકે તેઓ હિટવેવથી પ્રભાવિત થઈ શકે છે. આલ્કોહોલ, ચા, કોફી અને કાર્બોરેટેડ સોફ્ટ ડ્રિકસ ટાળો, જે શરીરને ડીહાઈડ્રેટ કરે છે.

ઉચ્ચ પ્રોટીન ખોરાક ટાળો અને વાસી ખોરાક ન ખાઓ.

હાલ ઉનાળાની ઋતુમાં હિટવેવથી બચવા લોકોએ આ જાગૃતિના પગલાં લઈ પોતાનું જીવન સુરક્ષિત બનાવવા વહીવટી તંત્ર તરફથી વિનંતી કરવામાં આવી છે.

## સ્પોર્ટ્સ - સમાચાર

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં ટીમ ઈન્ડિયાથી બહાર થવા મુદ્દે સિરાજનું દર્દ છલકાયું

*(સંપૂર્ણ સમાચાર સેવા)*

નવી દિલ્હી, તા.૭ :મોહમ્મદ સિરાજને ઓસ્ટ્રેલિયા પ્રવાસ બાદ ભારતીય ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. તેને ન તો ઈંગ્લેન્ડ સામેની ઘરેલુ વનડે-T20 સીરિઝમાં સામેલ કરવામાં આવ્યો હતો અને ન તો તેને ટીમ ઈન્ડિયાની ચેમ્પિયન્સ ટ્રોફી ટીમમાં સ્થાન મળ્યું હતું. હવે મોહમ્મદ સિરાજે આ અંગે પોતાનું દર્દ વ્યક્ત કર્યું છે.



તેણે કહ્યું કે, 'મને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો એ વાત હું પચાવી ન શક્યો.' ઓસ્ટ્રેલિયા પ્રવાસ બાદ સિરાજે હવે IPL દ્વારા ક્રિકેટના મેદાનમાં વાપસી કરી છે. તેણે આ લીગમાં સારું પ્રદર્શન કર્યું છે અને ચાર મેચમાં નવ વિકેટ ખેરવી છે.

સિરાજે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર રહેવા મુદ્દે વાત કરતા કહ્યું કે, 'એક સમયે હું એ વાત પચાવી ન શક્યો પરંતુ મેં મારા ઉત્સાહને ઓછો ન થવા દીધો અને મારી ફિટનેસ અને રમત પર કામ કર્યું. મેં મારી જાતને સમજાવ્યું કે કેટલી બધી બાબતો કરવાની બાકી છે. મેં જે પણ ભૂલો કરી હતી તેના પર મેં કામ કર્યું અને હું મારી બોલિંગનો આનંદ માણી રહ્યો છું. એક પ્રોફેશનલ ખેલાડી તરીકે જ્યારે તમે સતત ભારતીય ટીમમાં હોવ છો અને પછી બહાર થઈ જાવ છો, ત્યારે તમારા મનમાં શંકાઓ ઊભી થવા લાગે છે કે શું તમે સક્ષમ છો કે નહીં? પણ મેં મારી જાતને ખુશ રાખી અને IPLની રાહ જોઈ રહ્યો હતો.' સિરાજે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચમાં ૧૭ રન આપીને ચાર વિકેટ લીધી હતી. આ T20 ક્રિકેટમાં આ તેનું શાનદાર પ્રદર્શન છે. તેણે હૈદરાબાદમાં પોતાના હોમ ગ્રાઉન્ડ પર ગુજરાત ટાઈટન્સ માટે આ સિદ્ધિ હાંસલ કરી. તેણે કહ્યું કે, 'જ્યારે તમે તમારા ઘરે આવો છો, ત્યારે આ એક અલગ જ અનુભૂતિ હોય છે. પરિવાર પણ તમને જોઈ રહ્યો હોય છે અને તેનાથી પણ તમને આત્મવિશ્વાસ મળે છે. IPL 2025માં સિરાજ ચાર મેચમાં નવ વિકેટ સાથે પર્પલ કેપની રેસમાં સંયુક્ત રીતે બીજા નંબર પર છે. આ સિઝનમાં તેનો ઈકોનોમી રેટ અત્યાર સુધી ૭.૭૫ અને તેની એવરેજ ૧૩.૭૭ની છે. તેણે આ પ્રદર્શન વિશે કહ્યું કે જ્યારે તમે તમારી ઈચ્છા પ્રમાણે બોલિંગ કરો છો ત્યારે તમે ટોપ પર હોવ છો. જ્યારે બોલ તમારી ઈચ્છા પ્રમાણે કામ કરી રહ્યો હોય ત્યારે એક અલગ જ અનુભૂતિ થાય છે. તેનાથી ઘણો આનંદ મળે છે.

# ઈશાંત શર્માની હરકતથી લાઈવ મેચમાં હોબાળો

*(સંપૂર્ણ સમાચાર સેવા)*

હૈદરાબાદ, તા.૭ : ગુજરાત ટાઈટન્સે રવિવારે રમાયેલી IPL મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદને ૨૦ બોલ બાકી રહેતા ૭ વિકેટથી હરાવ્યું હતું. આ મેચમાં ગુજરાત ટાઈટન્સના ફાસ્ટ બોલર ઈશાંત શર્માને IPLની આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ તેની મેચ ફીના ૨૫ ટકા દંડ અને તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. BCCI અનુસાર, ઈશાંત શર્માએ લેવલ ૧નો ગુનો સ્વીકાર્યો છે, જે આચાર સંહિતાની કલમ ૨.૨ હેઠળ આવે છે.



ઈશાંત શર્માએ મેચ રેફરીએ આપેલી સજા સ્વીકારી લીધી છે. લેવલ ૧ કેસમાં, મેચ રેફરીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા હોય છે. આઈપીએલના નિયમો અનુસાર, નિયમ ૨.૨ મેચ દરમિયાન ક્રિકેટના સામાન અથવા કપડાં, મેદાનના સાધનો અથવા અન્ય વસ્તુઓના દુરુપયોગ સાથે સંબંધિત છે. ઈરાદાપૂર્વક અથવા બેદરકારીપૂર્વક કરવામાં આવેલ કોઈપણ કૃત્ય જેમ કે જાહેરાતના બોર્ડ, ડ્રેસિંગ રૂમના દરવાજા, બારીઓ અને અન્ય ફિક્સર અને ફિટિંગને નુકસાન પહોંચાડવું. જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે તેણે શું કર્યું હતું જેના માટે આ સજા મળી છે.

બીજી તરફ ગુજરાત ટાઈટન્સે આ જીત સાથે સતત ત્રીજી મેચ જીતી અને IPL 2025ના પોઈન્ટ ટેબલમાં બીજું સ્થાન કબજે કર્યું છે. તેણે હૈદરાબાદને સાત વિકેટે હરાવ્યું. આ મેચમાં ગુજરાતના બોલરોએ ફરી એકવાર શાનદાર પ્રદર્શન કર્યું હતું. મોહમ્મદ સિરાજે ૪ ઓવરમાં ૧૭ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી જે આઈપીએલમાં તેનું અત્યાર સુધીનું સવર્શ્રેષ્ઠ પ્રદર્શન છે. આ કારણે તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો હતો. સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ માત્ર ૧૫૨ રન પર જ સિમિત રહી હતી. જો કે, આ મેચમાં ઈશાંત શર્માનું પ્રદર્શન સારું રહ્યું ન હતું. તેણે ૪ ઓવરમાં ૫૩ રન આપ્યા અને કોઈ વિકેટ લઈ શક્યો નહીં.

# ગુજરાત હોસ્પિટલમાં દાખલ થવા પાછળ સૌથી વધુ ખર્ચમાં ચોથા ક્રમે

## ગુજરાતના શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારમાં હોસ્પિટલમાં દાખલ થવા પાછળ ૪૮ ટકા ઓછો ખર્ચ થાય છે

*(સંપૂર્ણ સમાચાર સેવા)*

અમદાવાદ, તા.૭

સારા આરોગ્યને સુખની પ્રથમ ચાવી ગણવામાં આવે છે. વર્તમાન સમયમાં બ્લડપ્રેશર, ડાયાબિટિસ જેવી સમસ્યા અનેક દર્દીઓમાં જોવા મળતી હોય છે. મેડિકલ સાયન્સ હરણફાળ ભરી રહ્યું છે અને તેના લીધે તમામ બીમારીનો ઈલાજ શક્ય બન્યો છે. ગુજરાતની વાત કરવામાં આવે તો પ્રત્યેક પરિવાર હોસ્પિટલમાં દાખલ થવા પાછળ દર વર્ષે સરેરાશ રૂપિયા ૭ હજારનો ખર્ચ કરે છે. ગુજરાતના શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારમાં હોસ્પિટલમાં દાખલ થવા પાછળ ૪૮ ટકા ઓછો ખર્ચ થાય છેદર વર્ષે ૭ એપ્રિલની ઉજવણી 'વિશ્વ આરોગ્ય દિવસ તરીકે કરવામાં આવે છે. પરિવારદીઠ દર વર્ષે હોસ્પિટલમાં દાખલ થવા પાછળ સૌથી વધુ ખર્ચ થતો હોય તેવા રાજ્યમાં ગુજરાત ચોથું સ્થાન ધરાવે છે. નેશનલ સેમ્પલ સર્વે ઓફિસના અભ્યાસ અનુસાર શહેરી પરિવારમા હોસ્પિટલમાં દાખલ પાછળ દર વર્ષે સરેરાશ સૌથી વધુ ખર્ચ થતો હોય તેમાં કેરળ રૂપિયા ૧૩૧૪૦ સાથે મોખરે, મહારાષ્ટ્ર રૂપિયા ૯૧૨૨ સાથે બીજા, પંજાબ રૂપિયા ૮૨૭૨ સાથે ત્રીજા જ્યારે ગુજરાત રૂપિયા ૭૭૧૧ સાથે ચોથા સ્થાને છે. શહેરી વિસ્તામાં એક ગુજરાતી હોસ્પિટલમાં દાખલ થાય તો તેની પાછળ સરેરાશ રૂપિયા ૨૦૧૪નો ખર્ચ થાય છે. ગુજરાતના શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારમાં હોસ્પિટલમાં દાખલ થવા પાછળ પ્રમાણમાં ઓછો ખર્ચ થાય છે. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં પરિવારદીઠ હોસ્પિટલમાં દાખલ થવા પાછળ વાર્ષિક સરેરાશ રૂપિયા ૪૦૭૧ ખર્ચ થતો હોવાનું આ અહેવાલમાં સામે આવ્યું છે. આમ, શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારમાં હોસ્પિટલમાં દાખલ થવા પાછળ ૪૮ ટકા ઓછો ખર્ચ થાય છે. આરોગ્ય પાછળ દર વર્ષે સૌથી વધુ ખર્ચ થતો હોય તેવા રાજ્યમાં ગુજરાત છઠ્ઠા સ્થાને છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રત્યેક ગુજરાતીના આરોગ્ય પાછળ સરેરાશ રૂપિયા ૧૭૫૧નો ખર્ચ થતો હતો. ગુજરાતમાં જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા અંદાજે કુલ ૧.૪૪ કરોડથી વધુ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કુલ ૧.૩૧ કરોડથી વધુ દર્દીઓને ઓપીડી થકી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી છે તેમ આરોગ્ય વિભાગે જણાવ્યું છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા રક્તપિના દર્દીઓને ઉચ્ચામ સારવાર આપવામાં આવી રહી છે. જેના પરિણામે અત્યાર સુધીમાં રાજ્યમાં રક્તપિ પ્રમાણદર ૦.૩૯ જેટલો જ રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા ગંભીર કે જીવલેણ બિમારીથી પીડાતા દર્દી જ્યારે જીંદગીના અંતિમ તબક્કામાં હોય ત્યારે તેમને સારવારની સાથે સંભાળ પણ મળે તે માટે ૬ સરકારી હોસ્પિટલમાં 'પેલિયેટીવ કેર વોર્ડ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજ્યની સરકારી મેડિકલ કોલેજો અને સંલગ્ન હોસ્પિટલ તેમજ એમ. એન્ડ જે. ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થાલ્મોલોજી અને સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ ખાતે રૂ. ૧૦૦ કરોડના ખર્ચે નવા અત્યાધુનિક તબીબી સાધનો ઉપલબ્ધ કરવામાં આવશે તેમ પણ આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા
ઓનલાઈન વાંચવા માટે
વેબસાઈટ www.damangangatimes.com ની મુલાકાત લો.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ ફોન-ફેક્સઃ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦


# વલસાડમાં જય શ્રી રામના નારા સાથે શ્રીરામની શોભાયાત્રા નિકળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** આજરોજ રામનો જન્મદિવસ નિમિતે વલસાડ પંથકમાં વિવિધ સંગઠન દ્વારા રામ નવમી નિમિત્તે નાણામંત્રી કનુભાઈ દેસાઈ વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને ભીડભંજન મહાદેવ મંદિરના ટ્રસ્ટી શિવજી મહારાજ ની વિશેષ ઉપસ્થિતિમાં ભગવાન રામની શોભાયાત્રાની સાથે સાળંગપુરના કષ્ટભંજન હનુમાનજી સહિતની અન્ય મૂર્તિ સાથે જય શ્રી રામના ગગન ભેદી નારા સાથે વાજતે ગાજતે મોટી સંખ્યામાં શોભાયાત્રા નીકળી હતી. વલસાડમાં રામની શોભાયાત્રા નીકળતા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.રામનવમી નિમિત્તો વલસાડના કલ્યાણ બાદ સર્કલ આઝાદ ચોક સર્કલ, હાલર ચાર રસ્તા સર્કલ તેમજ શહેરના મુખ્ય માર્કો પર ધ્વજા, તોરણ પણ લગાવવામાં આવી હતી.



સમગ્ર દેશ ભગવાન રામમય બની ગયું છે. આજરોજ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામનો જન્મદિવસ ને ભક્તો રામ નવમી તરીકે ઉજવણી કરતા હોય છે રામનવમી નિમિત્તે સમગ્ર વલસાડ જિલ્લામાં ઉજવણી તડામાર તૈયારીઓ રામ ભક્તો કરી રહ્યા છે. તેમજ વલસાડમાં આવેલા રામ મંદિરોને રંગબેરંગી લાઈટોથી શણગાર કરવામાં આવ્યો છે. વલસાડ શહેરમાં વિવિધ હિન્દુ સંગઠન દ્વારા આજરોજ રામનવમી નિમિત્તે વલસાડમાં રેલવે ગોદી પાસે આવેલા રોકડિયા હનુમાનજી પાસેથી શોભાયાત્રા બપોરે ત્રણ કલાકે શોભાયાત્રા નાણામંત્રી કનુભાઈ દેસાઈ ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને વલસાડ ભીડભંજન મહાદેવ મંદિરના ટ્રસ્ટી શિવજી મહારાજ ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. ભગવાન રામની મૂર્તિની સાથે સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી ભગવાનની મૂર્તિ રામ ભક્તોએ જય શ્રી રામના નારા સાથે શોભાયાત્રાનો પ્રારંભ વલસાડ શહેરના રોકડીયા હનુમાજી રેલવે ગોદિ - સ્ટેશન રોડ - નિરાકેન્દ્ર સર્કલ - એસટી ડેપો સર્કલ - સ્ટેડિયમ રોડ સર્કલ - નગરપાલિકા સ્કૂલ સર્કલ - ઓધવરામ નગર - છીપવાડ હનુમાનજી મહારાજ - તરિયાવાડ પ્રસતી માતા મંદિર - શહીદ ચોક સર્કલ - ફૂલ ગલ્લી - મોટાબજાર - એમ જી રોડ - આઝાદ ચોક ટાવર - તાઈવાડ - ધોબીતળાવ - દાદીયા ફળિયા અંબા માતા મંદિર - રીનાપાર્ક -તિથલરોડ - પોસ્ટ ઓફીસ સર્કલ યૂટર્ન મારી તિથલ રોડ - કોલેજ રોડ - કોસંબા રોડ - દાદીયા ફળિયા ક્રિકેટ મેદાન પુર્ણાહુતી કર્યા બાદ મહા આરતી ૭ કલાકે બાદ મહા પ્રસાદ ૮ વાગે વિતરણ કરવામાં આવ્યું હતું.ભગવાન શ્રીરામની શોભાયાત્રા માટે શ્રી રામ જન્મોત્સવ સમિતિ, શ્રી બજરંગ યુવક મંડળ, અગ્નિ વીર ગૌસેવા દળ, આંતરરાષ્ટ્રીય બજરંગ દળ તેમજ વિવિધ સંગઠનો દ્વારા ભારે જેહમત ઉઠાવવામાં આવી રહી છે.

વલસાડ પારડી ગામે આવેલા ઐતિહાસિક એવા રામલાલા મંદિરે આજરોજ રામલાલા ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ ગૌતમભાઈ દેસાઈ ની આગેવાની હેઠળ આજરોજ રામનવમી નિમિત્તે રામ નવમી ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અને ભજન કીર્તન તેમજ સાંજે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવતા મોટી સંખ્યામાં ભક્તોએ તેનો લાભ લીધો હતો. સાંજે અતુલ રૂરલ ડેવલોપમેન્ટ ફંડ દ્વારા સ્વૈચ્છિક શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વલસાડ તાલુકાના ડુંગરી ગામે આવેલા રામજી મંદિરમાં ભગવા ધ્વજ નો શણગાર કરવામાં આવશે. ગયા વર્ષે ડુંગળીમાં હિન્દુ સંગઠનના યુવાનો દ્વારા ડુંગળી હાઈવે ઓવરબ્રીજથી તમામ ગામોના રસ્તા ફળિયા શેરીમાં પણ ભગવા રંગથી સજાવી દેવામાં આવ્યા હતા. ડુંગરી ગામે સતત બીજા વર્ષે રામજીની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરતા આજુબાજુના ગામના યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શોભાયાત્રાનું સમાપન બાદ હિન્દુ સંગઠન ડુંગરી દ્વારા મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# વલસાડ શહેરમાં ગેરકાયદેસર બાંધકામ, દબાણ અને પાર્કિંગથી વાહન ચાલકો પરેશાન

૩૫ વર્ષ બાદ વલસાડ નગરપાલિકા દ્વારા કલ્યાણ બાગ સામે આવેલા પાલિકાના પાર્કિંગ પ્લોટ માં ગેરકાયદેસર બંધાયેલી ૮૪ દુકાનો તથા કેબીનો ઉપર હથોડા મારી તોડી નાંખી પી એન્ડ પાર્ક બનાવવામાં આવ્યું છે. તો બીજી તરફ શહેરના અનેક વિસ્તારોમાં એપાર્ટમેન્ટ હોસ્પિટલ નીચે પાર્કિંગના બદલે દુકાનો તાણી બાંધવામાં આવી છે. પાલિકાએ વર્ષો અગાઉ શહેરના શાંતિ ભુવન નથી થી લઈ મોટા બજાર તરફ જતો રસ્તો ઉપરના બંને તરફનાં દબાણો હટાવવા માટે માર્કિંગ કરવામાં આવ્યા બાદ જૈસે થે તે સ્થિતિમાં છે. પાલિકા એ હાલમાં જ કલ્યાણબાગ દરગાહ ની બાજુમાં મસ્જિદની બાજુમાં, એસટી ડેપો સામેના રિક્ષા સ્ટેન્ડ પાછળ ગેરકાયદેસર રીતે ઉભી રખાતી લારી મંડપ સહિતના દબાણો દૂર કર્યા છે જ્યારે શહેરના વિવિધ વિસ્તારોના જાહેર રસ્તા પર લારી-ગલ્લા કેબીનો, મંડપ બનાવી દેવામાં આવતા ટ્રાફિક સમસ્યા તો શહેરના શાકભાજી માર્કેટમાં આવેલ રાધાકૃષ્ણ મંદિર પાસે બનાવવામાં આવેલી ગેરકાયદેસર શોપિંગ સેન્ટરના પતરાનો સેડ અને પાકા ઓટલોનું દબાણ નહીં તોડતા શહેરમાં પાર્કિંગ સમસ્યા વધુ વકરી રહી છે.

વલસાડ શહેરમાં વર્ષોથી ટાઉન પ્લાનિંગ ના નિયમ મુજબ કોઈપણ બાંધકામો કરવામાં આવતા નથી. વલસાડ શહેરમાં કેટલીક બિલ્ડિંગો કે સરકારી જમીનો માં પાછળથી દબાણ કરતા હોય છે. શહેરના કલ્યાણ બાગ પાસે આવેલા વલસાડ નગરપાલિકાના પાર્કિંગ પ્લોટ નંબર ૧૨૫ અને ૧૨૭ માં છેલ્લા ૩૫ વર્ષથી ૮૪ જેટલી નાની મોટી પાકી દુકાનો કેબીનો ગેરકાયદેસર રીતે તાણી બાંધવામાં આવી હતી.

વલસાડ નગરપાલિકા દ્વારા આ પાર્કિંગ પ્લોટ ખાલી કરવા માટે અવાર નવાર દુકાનદારો અને કેબીન ધારકોને નોટિસ ફટકારી હતી. જોકે દુકાનદારો હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. હાઈ કોર્ટે આ મામલે પાલીકા ને નિર્ણય કરવા જણાવ્યું હતું. પાલિકાના ટાઉન પ્લાનીંગ ઈમ્પ્રૂવમેન્ટમાં સભ્યોએ અધિકારીઓ પદાધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ વલસાડ પાલિકા એ પાર્કિંગ પ્લોટ તોડી નાખવા માટે પાલિકાના સી.ઓ.એ ૮૪ દુકાનદારોને નોટીશ ફટકારી બે દિવસમાં ખુલ્લો કરવા જણાવ્યું હતું. તેમ છતાં દુકાનદારોએ ખાલી નહીં કરતા પાલિકા સી.ઓ. તથા કર્મચારીઓની ટીમ સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખી પાલિકાનો પાર્કિંગ પ્લોટમાં બંધાવવામાં આવેલા ૮૪ ગેરકાયદેસર દુકાનો તોડી નાખવામાં આવતા શહેરના અન્ય વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ કરનારાઓમાં ફફડાટ ફેલાઈ ગય હતો. કલ્યાણ બાગ



વલસાડનો પત્ર
કમલેશ હરિયાવાલા, વલસાડ

સામે આવેલી પાલિકાની પાર્કિંગ પ્લોટ માં હાલમાં પે એન્ડ પાર્ક બનાવવામાં આવ્યો છે. તો શહેરના કલ્યાણ બાગ ની બાજુમાં આવેલ દરગાહ, વલસાડ એસટી ડેપો ની બાજુમાં આવેલ મસ્જિદ અને ડેપોની સામે આવેલ રિક્ષા સ્ટેન્ડની પાછળના ભાગે નોનવેજ, વેજ ઈંડા સહિતની લારી મંડપો ગેરકાયદેસર રીતે બનાવી ધંધો કરતા ટ્રાફિક સમસ્યા ઉભી થતી હતી જેને ધ્યાનમાં રાખી નગરપાલિકા દ્વારા હાલમાં જ આ તમામ દબાણો દૂર કર્યા છે. તો બીજી તરફ વલસાડ નગરપાલિકા દ્વારા વર્ષો અગાઉ શહેરના શાંતિ ભુવન, ગણપતિ બાપા મંદિર, થી મોટા બજાર સુધીનો મુખ્ય રસ્તાના બન્ને તરફ દબાણ હોવા થી પાલિકાએ આશરે બંને તરફ ત્રણ-ત્રણ ફૂટનું દબાણ દૂર કરવા માટે લાઈનો દોરી કરવામાં આવી હતી. તેમ છતાં આજ દિન સુધી આ રોડ પરના દબાણો દૂર કરવામાં આવ્યા નથી. શહેરના એમ.જી.રોડ ખત્રીવાડ માંથી પસાર થતી ગંગલી ખાડી ઉપર એક બિલ્ડરે ગેરકાયદેસર રીતે સ્લેબ બાંધી એપાર્ટમેન્ટ બનાવી દીધું હતું. જોકે પાલિકાની ટીમે એક વર્ષ અગાઉ સ્લેબ તોડી નાંખવામાં આવ્યો હતો. તો બિલ્ડરે ફરીવાર પાંચ વર્ષ અગાઉ ગંગલી ખાડી ઉપર સ્લેબ ભરી લીધો હતો. વલસાડ શાકભાજી માર્કેટ માં આવેલા રાધાકૃષ્ણ મંદિર નીચે રેલવેના એક ઉચ્ચ અધિકારીએ ગેરકાયદેસર રીતે શોપિંગ સેન્ટર ઉભુ કરી દેવામાં આવ્યું હતું. નગરપાલિકા શોપિંગ સેન્ટર ૭ જેટલી દુકાનોના ઉપરના પતરાના શેડ બનાવ્યો છે . નીચે બનાવેલા ઓટલો બનાવતા પાર્કિંગ સમસ્યા વધુ વકરી રહી છે. શહેર ની ઉડીપી હોટલ સામે આવેલ લારી મંડપ કે કાચી કેબિન સ્વેચ્છાએ તોડી નાખ્યા બાદ ફરીથી તે જગ્યા ઉપર લારીઓ મંડપો બનાવી દેવામાં આવ્યા છે. શહેરના ભીડભંજન મહાદેવ મંદિર રોડ પર, કોસંબા રોડ પર ઉપર કેટલાક ગેરકાયદેસર લારી ગલ્લા કે મંડપો પતરાના શેડ, શહેરના અન્ય વિસ્તારોમાં હોસ્પિટલો, એપાર્ટમેન્ટ, બનાવી નકશામાં નીચે પાર્કિંગ બતાવવામાં આવ્યા હતા અને પાછળથી હેતુફેર કરી પાર્કિંગ વાળી જગ્યામાં દુકાનો બનાવતા વાહનચાલકોએ પોતાના વાહનો પાર્ક કરી શકતા નથી જેના કારણે વાહન ચાલકોને પોતાના વાહનો રોડ પર મુકવાની ફરજ પડતા ટ્રાફિક જામ સમસ્યા ઊભી થતી હોય છે. વલસાડ શહેરમાં ગેરકાયદેસર બાંધકામના કારણે શહેરમાં દિવસેને દિવસે ટ્રાફિક સમસ્યા માથાનો દુખાવો બની રહી છે. પાલિકા અને ટ્રાફિક પોલીસ શહેરની ટ્રાફિક સમસ્યા હલ કરવું હોય તો શહેરી વિસ્તારમાં આવેલા રોડની બાજુમાં ગેરકાયદેસર રીતે ધંધો કરનારાઅને દુકાનની બહાર પોતાની ચીજ વસ્તુઓ અને માલ સામાન બહાર મૂકી રસ્તા પર ના દબાણો કરતા હોય છે ત્યારે વલસાડ નગરપાલિકા દ્વારા શહેરના અનેક વિસ્તારના ગેર દબાણો દૂર કરશે એવી શહેરીજનોની વાહન ચાલકોની માંગણી છે.

# ડુંગરીની સ્મશાનભૂમિમાં ભગવાન શિવની પ્રતિમાની સ્થાપના કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડના ડુંગરી ગામ ની સ્મશાન ભૂમિમાં ૧૨ ફૂટ ઊંચી ભગવાન શિવની પ્રતિમા ની સ્થાપના કરવામાં આવી છે. જોકે આ પ્રતિમા ડુંગરી ના વતની અને અમેરિકામાં રહેતા કણબી પટેલ પરિવાર દ્વારા ભેટમાં આપવામાં આવી છે.

વલસાડ તાલુકાના ડુંગરી ગામે હાઈવે પર સ્મશાન ભૂમિ આવેલી છે. આ સ્મશાન ભૂમિમાં ડુંગળી સહિત આજુબાજુના ૧૫ થી વધુ ગામોના લોકો અંતિમ સંસ્કાર કરવા માટે આવે છે.આ સ્મશાન ભૂમિ લોખંડ ની સગડી વાળી લાકડાની બનાવવામાં આવી હતી. જોકે ગામના જાગૃત અને ભાજપના સંનિષ્ઠ કાર્યકર આશિતભાઈ દેસાઈ, ટ્રસ્ટી મંડળ અને તેમની યુવા ટીમો સાથે સ્મશાન ભૂમિ ને પ્રથમ ગેસ વાળી બનાવવામાં આવી હતી. જે બાદ તેમણે ડુંગરી વિસ્તારના આજુબાજુના લોકોને સ્મશાન ભૂમિ માં જવા આવવા માટે કોઈ તકલીફ ન પડે તે માટે તેમણે રસ્તો પહોળો કરી ડામર રસ્તો બનાવ્યો અને સ્મશાન ભૂમિની આજુબાજુ પેવર બ્લોક લગાવવામાં આવતા લોકોને મોટી રાહત મળી છે. ડુંગરી સ્મશાન ભૂમિમાં મૂળ ડુંગરીમાં રહેતા રમણભાઈ નાથુભાઈ કણબી પટેલ અને હાલમાં અમેરિકામાં રહેતા તેમનો પુત્ર ભરતભાઈ પટેલ તરફથી ૧૨ ફૂટ ઊંચાઈ ધરાવતી ભગવાન શિવની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે.

શિવની પ્રતિમા આગળ વિસામો પણ બનાવવામાં આવશે. અને શિવની જટા માંથી પવિત્ર ગંગાજળ મૃતદેહ ઉપર છંટકાવ કરી અંતિમ સંસ્કાર કરવામાં આવશે તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે. ડુંગરી સ્મશાન ભૂમિ નો ઝડપી વિકાસ જોઈને દાનવીરો દાતાઓ સામે ચાલીને મદદ માટે ટ્રસ્ટી મંડળ નો સંપર્ક કરી દાન આપતા હોય છે.

ડુંગરી સ્મશાન ભૂમિ નો વિકાસ કરવામાં ભાજપી કાર્યકર આશિતભાઈ દેસાઈ અને તેમની ટીમનો સિંહ ફાળો રહ્યો છે.

# વલસાડ પંથકમાં હનુમાન જયંતિની તડામાર તૈયારીઓ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૭ :** હનુમાન જયંતિ નો તહેવાર નિમિતે હનુમાન ભક્તો દ્વારા વલસાડ પંથકમાં આવેલા હનુમાનજી મંદિરમાં હનુમાન જયંતિની ઉજવણી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. હનુમાન જયંતિ નિમિત્તે ઠેર ઠેર રક્તદાન કેમ્પ, મહાપ્રસાદનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મંદિરોને રંગબેરંગી મંડપ અને લાઈટોથી શણગાર કરવામાં આવ્યો છે.

રામ ભક્ત એવા હનુમાનજીની ૧૨૦૪/૨૦૨૫ના શનિવારના રોજ હનુમાન જયંતી આવે છે. હનુમાન જયંતિ નિમિત્તે વલસાડ તાલુકાના કોસંબા વેકરીયા હનુમાનજી, ધમડાચી, પારનેરા પારડી, પારનેરા, કોચવાડા, તથા વલસાડ શહેરના છીપવાડમાં આવેલા ધૂળિયા હનુમાનજી મંદિર, આર.પી..એફ. મેદાન પાસે આવેલા હનુમાનજી મંદિર, રેલવે ગોદી પાસેના હનુમાનજી મંદિર સહિત અન્ય વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિરોમાં હનુમાન જયંતિની ઉજવણી કરવામાં માટે ભક્તો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. હનુમાન જયંતિ નિમિત્તે ધમડાચી, પારનેરાપારડી, સહિત અન્ય જગ્યાએ રક્તદાન કેમ્પ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. હનુમાન જયંતિ નિમિત્તે મંદિરોને ફરતે રંગબેરંગી મંડપ અને લાઈટોથી શણગાર કરવામાં આવ્યો છે. હનુમાન જયંતિ નિમિત્તે અખંડ ધૂન કરવામાં આવે છે. હનુમાન જયંતિ નિમિત્તે પારનેરા પારડી સંકટ હરણ હનુમાનજી મંદિર ગામે છીપવાડ ધૂળિયા હનુમાનજી મંદિર સહિત અન્ય મંદિરોમાં મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવે છે.

# બિનવાડાની સાંઈનાથ સેવાભાવી મંડળને મધ્યપ્રદેશમાં બ્લડ વૉલ્યતર એવૉર્ડ મળ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૬ :** મધ્ય પ્રદેશ રક્તદાન સેવા ગ્રુપ ઓલ ઈન્ડિયા બ્લડ મોટીવેટર્સ ઈટારશી મધ્ય પ્રદેશ દ્વારા આયોજિત અંતરાષ્ટ્રીય રક્તવીર તેમજ સમાજસેવી સંસ્થાઓનું સમ્માન સમારોહમા શ્રી સાઈનાથ સેવાભાવી મંડળ બિનવાડા ને બ્લડ વૉલ્યતર એવોર્ડ ૨૦૨૫ થી સન્માનિત કરવામાં આવ્યા હતા

શ્રી સાંઈનાથ સેવાભાવી મંડળ બીનવાડા વલસાડ ગુજરાતનાં પ્રમુખ યોગેશ પટેલ (યોગી) મધ્ય પ્રદેશ રક્તદાન સેવા ગ્રુપ ઓલ ઈન્ડિયા બ્લડ મોટીવેટર્સ ઈટારશી મધ્ય -દેશ દ્વારા આયોજિત અંતરાષ્ટ્રીય રક્તવીર તેમજ સમાજસેવી સંસ્થાઓનું સમ્માન સમારોહમા યોગેશ પટેલ (યોગી) ને બ્લડ વૉલ્યતર એવૉર્ડ ૨૦૨૫ થી સન્માનિત કરાયા હતા

સામાજિક કાર્યકરોની અંતરાષ્ટ્રીય રક્તવીર મધ્યપ્રદેશ રક્તદાન સેવા ગ્રુપ ઓલ ઈન્ડિયા બ્લડ મોટીવેટર્સ દ્વારા

મધ્યપ્રદેશ ઈટારસીમાં યોજાયેલઆ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શહીદ સૈનિકો, યુદ્ધમાં અપંગ લોકોના પરિવારજનોનું સન્માન કરવાનો છે

દેશભક્તિ, સમાજ સેવા, પરોપકાર જેવા ગુણો દ્વારા યુવાનોને પ્રોત્સાહિત કરવાનો, યોગ્ય શિક્ષણ, વિશ્વ શાંતિ માટે પરસ્પર અહિંસાનું બલિદાન આપવું અને વિશ્વ કુટુંબ અને માનવજાતમાં અને રાષ્ટ્રના હિતની ભાવના પેદા કરવા માટે સંસ્કારી સમાજનું નિર્માણ કરવું.આ કાર્યક્રમમાં ભારતના તમામ રાજ્યોના ૧૫૦જેટલા સામાજિક કાર્યકર્તાઓને આમંત્રિત કરવામાં આવેલ જેમાં રક્તદાન ક્ષેત્રે આગવી ઓળખ પ્રાપ્ત કરેલ બ્લડમેન યોગી ને છેલ્લા ૨૫ વર્ષથી રક્તદાન, એમ્બ્યુલન્સ સેવા તથા અનેક વિવિધ લોકોપયોગી અને સમાજલક્ષી સેવાનાં કાર્યો બદલ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રિય કક્ષાએ કુલ ૫૫ એવોર્ડ પ્રાપ્ત કરી આ કાર્યક્રમમાં ઈટારસી મધ્ય પ્રદેશ દ્વારા એવૉર્ડ ૨૦૨૫ થી સન્માનિત થઈ ૫૬ મો એવોર્ડ મેળવી બીનવાડા વલસાડ જિલ્લાને ગૌરવ પ્રદાન કર્યું છે તે માટે અભિનંદન. મધ્ય પ્રદેશ ઈટારશીના એવોર્ડ ફંક્શનના કાર્યક્રમમાં વલસાડ બીનવાડાથી ચાર સેવાભાવી યોગેશ પટેલ (યોગી) ગણપત ભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, મયુરભાઈ પટેલે ભાગ લીધો હતો. શ્રી સાંઈનાથ સેવાભાવી મંડળ બીનવાડાનાં પ્રમુખ યોગેશ પટેલની ઈચ્છા હર ઘર રક્તદાતા, ઘર ઘર રક્તદાતા ને પરિપૂર્ણ કરી વલસાડ જિલ્લામાં ૧૦૦ ટકા સ્વૈચ્છિક રક્તદાનની દરેક ઘરેથી ૧ રક્તદાતા જરૂર આગળ આવી નિયમિત રક્તદાન કરે એમની આ અભિલાષા પૂર્ણ કરવા માટે તેઓ તમામ સમાજ પાસેથી અપેક્ષા સેવી રહ્યા છે.

# અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટરની ચંદ્રપુર મોવડીમંડળની મુલાકાત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** અતુલ ફાઉન્ડેશન દ્વારા અતુલ ગામમાં નવનિર્મિત મેડિકલ સેન્ટરમાં અતુલ લિમિટેડના કર્મચારીઓ તેમજ આજુબાજુના ગામના લોકોને રાહત દરે અધતન મેડિકલ સુવિધા ઓ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

અતુલ ફાઉન્ડેશન દ્વારા અતુલ ગામમાં નવનિર્મિત મેડીકલ સેન્ટરમાં અતુલ લિમિટેડનાં કર્મચારીઓ ઉપરાંત આજુબાજુનાં ગામનાં લોકોને રાહત દરે અદ્યતન મેડીકલ સુવિધાઓ ઉપલબ્ધ થાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે. અતુલ અને આસપાસનાં ગામનાં સરપંચોએ પણ અગાઉ અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટરની સુવિધાઓની જાણકારી માટે મુલાકાત લીધી હતી. હાલમાં જ ચંદ્રપુરનાં જિગ્નેશભાઈ માંગેલા કે જે પારડી નગરપાલિકામાં ચૂંટાયેલા સભ્ય છે તેમણે ગામનાં વડીલો ગજાનનભાઈ(ભૂતપૂર્વ કોર્પોરેટર-પારડી નગરપાલિકા), હરીશભાઈ માંગેલા, રાજુભાઈ માંગેલા, ઘનશ્યામભાઈ માંગેલા, કિશોરભાઈ માંગેલા અને મોવડીમંડળ સાથે અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટરની મુલાકાત કરી હતી. જેમાં મેડીકલ સેન્ટરનાં ડો. નિયુત શાહ, ડો.યાક્ષીકા પટેલ અને અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈ દ્વારા અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટરની ઓપીડી, એક્સરે, સોનોગ્રાફી, ઈસીજી, લેબોરેટરી તપાસ, ફાર્મસી વગેરે સુવિધાઓ અને સ્પેશીયાલીસ્ટ ડોક્ટરો અંગે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી.

# બોદલાઈમાં પંચાયતનું નવું મકાન અને આર.ઓ. પ્લાન્ટનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૬ :** વલસાડ તાલુકાના બોદલાઈ ગામે મનરેગા યોજના અંતર્ગત નિર્માણ પામેલા ગ્રામ પંચાયત કચેરીના નવા મકાનનું તથા ૧૫ માં નાણાપંચમાં આરો વોટર પ્લાન્ટનું લોકાર્પણ ધરમપુરના ધારાસભ્ય અને વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખના હસ્તે કરવામાં આવતા રહીશો આનંદમાં આવી ગયો છે.

વલસાડ તાલુકાના બોદલાઈ ગામે મનરેગા યોજના અંતર્ગત નિર્માણ પામેલ ગ્રામપંચાયત કચેરીના નવીન મકાનનું તથા ૧૫ માં નાણાંપંચ અંતર્ગત બનાવવામાં આવેલ R.O. વોટર પ્લાન્ટનું લોકાર્પણ ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત સભ્યો કાંતિભાઈ, સરપંચ કુસુમબેન નવેરા સરપંચ વર્ષાબેન, કાંપરિયા સરપંચ ઊર્મિલાબેન, ફલધરા સરપંચ ભુપેન્દ્રભાઈ પટેલ તથા ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડમાં ધોડિયા પ્રીમિયર લીગ ક્રિકેટ મેચ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૭ :** વલસાડ ના કે આર દેસાઈ સ્ટેડિયમ આયોજિત ઢોડિયા પ્રીમિયર લીગ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ ધારાસભ્ય ભરતભાઈ પટેલ સાથે ઉપસ્થિત રહી વિજેતા ટીમના ખેલાડીઓને ટ્રોફી એનાયત કરી અભિનંદન પાઠવ્યા હતા.




આ ટુર્નામેન્ટના સુંદર આયોજન માટે આયોજક નીતિનભાઈ પટેલ, નિલેશભાઈ પટેલ, અમીષભાઈ પટેલ, ધવલભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, અંબુભાઈ પટેલ, નિરવભાઈ પટેલ અને DPL કમિટીના સભ્યોને શુભેચ્છાઓ પાઠવી હતી આ પ્રસંગે ઢોડિયા સમાજના હોદ્દેદારો- આગેવાનો, અગ્રણીશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

## નવસારીના ગણદેવા, અગાસી અને જલાલપોર આઈટીઆઈમાં ધ્યાન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **બીલીમોરા, તા. ૦૭ :** નવસારી જિલ્લામાં ગુજરાત સરકાર અને હાર્ટફુલનેસ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ગણદેવા, અગાસી અને જલાલપોર ખાતે આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા માં ત્રિદિવસીય ધ્યાન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. દૈનિક જીવનમાં વિદ્યાર્થીઓ તણાવનું પ્રબંધન કરીને જીવન કૌશલ્ય વિકસાવી શકે એ ઉદ્દેશ્યથી ધ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

હાર્ટફુલનેસ સંસ્થાના સર્ટિફાઇડ ટ્રેનર્સ દ્વારા દરમિયાન નવસારી જિલ્લામાં ગણદેવા, અગાસી અને જલાલપોર આઈ ટી આઈ માં વિવિધ ટ્રેડમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને ત્રણ દિવસ સુધી હૃદય આધારિત ધ્યાન પદ્ધતિ શીખવવામાં આવી હતી. તાલીમાર્થીઓને ધ્યાનની સાથે સાથે આંતરિક શુદ્ધિકરણ અને પ્રાર્થના-ધ્યાનનો અભ્યાસ કરાવી પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા.અને બાયોપ્રચાર આધારિત કૃષિ પદ્ધતિ અને વિઝડમ આધારિત નોલેજ અંગે પણ તલસ્પર્શી સમજણ આપવામાં આવી હતી.

એકાત્મ અભિયાન અંતર્ગત ગુજરાત સરકાર અને હાર્ટફુલનેસ સંસ્થાના સયુંકત ઉપક્રમે આયોજિત ત્રિદિવસીય ધ્યાન સત્રમાં ગણદેવા ખાતે આચાર્ય પરિમલ પટેલ અને કોઓર્ડીનેટર બિપિન વૈદ્ય,અગાસી ખાતે આચાર્ય જિગ્નેશ પટેલ તેમજ જલાલપોર ખાતે આચાર્ય યોગેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ત્રણેય આઇ ટી આઈ ખાતે આયોજિત ધ્યાન સત્રમા ૪૭૦થી વધુ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. હાર્ટફુલનેસ સંસ્થાના પ્રશિક્ષક વિનયભાઇ ચાવડા, નીતિબેન ચાવડા, શિતલબેન પારેખ, ધર્મેશ પારેખ, પીંકીબેન શાહ, પ્રીતિબેન પારેખ અને ઉમેશભાઇ પારેખ દ્વારા તાલીમાર્થીઓને ધ્યાન શીખવવામાં આવ્યું હતું.



## વાંસદા નગરમાં રામનવમી નિમિતે ભવ્ય શોભાયાત્રા નીકળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાંસદા, તા. ૦૭ :** વાંસદામાં રામનવમી નિમિતે ગળી ધર્મશાળા વાંસદા ખાતે આવેલ ભગવાન શ્રી રામના મંદિરેથી વાંસદા નગરમાં ભક્તો દ્વારા ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વાંસદાના નગરજનો જોડાયા હતા. ડીજે ના તાલે ભક્તો દ્વારા ગરબા રમી ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

## બીલીમોરા-ગણદેવીમાં ભગવાન રામ જન્મોત્સવની શોભાયાત્રામાં ભક્તોનું ઘોડાપુર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **બીલીમોરા, તા. ૦૭ :** બીલીમોરા અને ગણદેવીમાં રવિવારે રામ નવમી અવસરે સેંકડો મંદિરો અને ઘરોમાં ભગવાન રામનો જન્મોત્સવ ભક્તિભાવ પૂર્વક ઉજવાયો હતો. ઠેર ઠેર અયોધ્યા સમાન રામમય માહોલ સર્જાયો હતો. રાજમાર્ગો ઉપર ભગવાન રામ ની વિશાળ પ્રતિમા સાથે એલઈડી, ડીજે મ્યુઝિક સિસ્ટમ રેલાતા ભક્તિ ગીત સંગીત સથવારે વિવિધ આકાર નાં ભગવા ધ્વજ, ઢોલ નગારા, આગવા પહેરવેશ અને ભગવા ફેંટાધારી સેંકડો ભક્તો શોભાયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. દરેક ખૂણો શ્રી રામના નામ થી ગૂંજી ઉઠ્યો હતો.

ચૈત્ર મહિનાના શુક્લ પક્ષમાં નોમનાં દિવસે શ્રીહરિ વિષ્ણુનો અવતાર શ્રીરામએ મનુષ્ય રૂપે જન્મ લીધો હતો. જે જન્મોત્સવને આદિકાળથી રામનવમી તરીકે ઉજવવામાં આવે છે. મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામ ની જન્મ જયંતી અવસરે ભક્તોએ મંદિર અને ઘરે-ઘરે દીપ પ્રગટાવી પરિવાર સાથે પૂંજા અર્ચના કરી હતી. બીલીમોરા અને ગણદેવી તાલુકાના રામ મંદિર, જલારામ મંદિર, હનુમાનજી મંદિર, સાંઈ મંદિર સહિત દેવાલયોમાં રામ જન્મોત્સવ ના વધામણાં કરાયા હતા. ઠેર ઠેર યજ્ઞ, સુંદરકાંડ પાઠ, પૂજા બાદ ભક્તોએ મહાપ્રસાદ ભંડારાનો લાભ લીધો હતો. ગણદેવી રામજી મંદિર, ગણદેવી સુગર ફેકટરી સામે જલારામ મંદિર, ગણદેવી પાલિકા સામે રામજી મંદિર, બીલીમોરા દેસરા રામજી મંદિર, સોમનાથ જલારામ મંદિર, બીગરી, પોંસરી, ઉંડાચ, ધકવાડા, નાંદરખા, ધનોરી અમલસાડ, માછીયાવાસણ, દેવધા, સાલેજ ગામ, ધોલાઈ ગામ સહિત ઠેર ઠેર રામ જન્મોત્સવ યાદગાર બન્યો હતો. રામનવમીની અસ્સલ ઉજવણી જોવાઇ હતી. રાત્રે લોક ડાયરો, ભજન, રામાયણ નાં પાત્રો, પ્રસંગોને આવરી લેતી ઝાંખી અને વેશભૂષાએ શોભાયાત્રાઓમાં આકર્ષણ જમાવ્યું હતું. ઘરે ઘરે દીપ પ્રગટાવી ઉજવણી કરાતા દિવાળી નો માહોલ સર્જાયો હતો. ભક્તોમાં સ્વયંભૂ જબરદસ્ત જુવાળ જોવાયો હતો. રાજમાર્ગો ઉપર ફટાકડાની આતશબાજી, ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રામ નવમીની ઉજવણી શાંતિપૂર્ણ રહી હતી. બીલીમોરા માં હિન્દૂ લાયન્સ સંગઠન એ ભારે જહેમત ઉઠાવી હતી. સેવાભાવી સંસ્થા અને સંગઠનોએ રાજમાર્ગો ઉપર ગરમીને ધ્યાનમાં રાખી ઠંડી છાસ, શરબત, પાણીનાં સેવાયજ્ઞ થકી ભક્તોની પ્યાસ બુઝાવી હતી. શ્રદ્ધાળુ ઓની સુવિધા સલામતીને સુનિશ્ચિત કરાઈ હતી.

## ચીખલી માહ્યાવંશી વિકાસ મંચે દ્વારા ટેનિસ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાંસદા, તા. ૦૭ :** ચીખલી તાલુકા માહ્યાવંશી વિકાસ મંચ દ્વારા સતત ૮ માં વર્ષે ટેનિસ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન ચીખલી કોલેજ મેદાન પર કરવામાં આવ્યુ હતુ. જેમાં સમાજ ની વિવિધ વિસ્તાર માંથી ૮ જેટલી ટીમો એ ભાગ લીધો હતો, જેમ ખૂંધ ૧૧ ચેમ્પિયન બની હતી જ્યારે મિસ યુ દક્ષ ૧૧ એંધલ રનર્સઅપ બની હતી, કાર્યક્રમ માં મુખ્ય મહેમાન તરીકે જીતેન્દ્ર ભગુભાઈ બારોટ, તેજલાવ તેમજ અતિથિ વિશેષ તરીકે સમાજ ના ૮ જેટલા મહાનુભાવો હાજર રહ્યા હતા , ચેમ્પિન અને રનર્સઅપ. ની ટ્રોફી પ્રિન્સ કુરિયર ના ચોકીદાર પરિવાર તરફથી આપવામાં આવી હતી. આ પ્રસંગે માહ્યાવંશી વિકાસ મંચના મેનેજિંગ ટ્રસ્ટી મનહરભાઈ પટેલે સમાજ ના યુવા ધન માટે પ્રેરણા દાયક સંબોધન કર્યું હતું, શારદા ફાઉન્ડેશન ના મે. ટ્રસ્ટી દર્શનભાઈ દેસાઇ માહ્યાવંશી સમાજ માટે હંમેશા મદદગાર થવાના બાહેધરી આપી હતી, સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન કરવામાં ચીખલી તાલુકા મંચ પરિવારના પ્રમુખ તુષારભાઈ રાઠોડ. વંકાલ વજીફા, ઉપપ્રમુખ ભરત બારોટ મજીગામ, અરુણ રાઠોડ -ખૂંધ, અર્જુનભાઈ - મજીગામ તેમજ સમસ્ત મંચ પરિવારે ભારી જહેમત ઉઠાવી હતી. એસ યુ પટેલ સોલધરા, પીચીભાઈ, ડો. અમીતા પટેલ, નવસારી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલ પણ ખાસ હાજર સાથે વિશાળ સમુદાય પ્રોત્સાહન માટે હાજર રહ્યો હતો. અને આયોજન ની ખૂબ પ્રસંશા કરી હતી. સમસ્ત મેચ નું લાઇવ પ્રસારણ યુ ટ્યુબ ચેનલ પર સુરતના આધ્યા ડાયમંડના સૌજન્યથી કરવામાં આવ્યુ હતું.

## નવનાથ ધામના ચંડિકા સેનામાં પાંચ હજારથી વધુ મહિલાઓ જોડાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **બીલીમોરા, તા. ૦૭ :** હિંદુત્વ એ ભારતમાં હિંદુ રાષ્ટ્રવાદનું મુખ્ય સ્વરૂપ છે. બીલીમોરા નજીક આવેલા દેવસર નવનાથ ધામની પાવનધરા પર શ્રી રામ નવમી પર્વે ચંડિકા સેના ની પાંચ હજારથી વધુ મહિલાઓ હિન્દુત્વના રક્ષણ માટે હુંકાર ભર્યો હતો. શ્રી રામનવમી નો પાવન દિન દેવસર નવનાથ ધામ માટે ઐતિહાસિક દિવસ બની બન્યો હતો. પૂ. વર્તમાન ગાદીપતિ છોટેદાદા ની ક્રાંતિકારી વિચારધારા અને સચોટ માર્ગદર્શન હેઠળ સનાતન ધર્મ ના ઉત્થાન અને સંરક્ષણ હેતુ ચંડિકા સેનાનું ભવ્ય નિર્માણ કરવમાં આવ્યું હતું. સવારથી જ નવનાથ ધામ ખાતે ચંડિકા સેનામાં જોડાવા નારી શક્તિ ની ભીડ જોવા મળી હતી. કંકુ, હળધર અને સિંદૂરનો તિલક કરી દરેક ચંડિકા ને ખેસ આપીને સેનામાં સામિલ કરવામાં આવી હતી.કાર્યક્રમ ની શરૂઆત મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ જન્મોત્સવ થી થઈ હતી. પૂ. છોટેદાદા એ પારણું ઝુલાવી ભક્તો ને સંબોધિત કર્યા હતા.ત્યારબાદ ચંડિકા સેનાએ ની ઘોષણા કરતા પૂજ્ય શ્રી છોટેદાદા એ ચંડિકા સેનાના વિશેષ પ્રતીકો ચંડી ધ્વજ, ચંદ્ર હાસ ખડગ અને જવાલા ચંડિકા રૂપી ચંડિકા માતા ની પ્રતિકૃતિનું અનાવરણ કર્યું હતું. આ અવસરે પૂજ્ય છોટેદાદા એ જણાવ્યું હતું કે યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ ઉપરોક્ત શ્લોકને કેન્દ્ર સ્થાનમાં રાખીને નારી શકિતનું સન્માન થાય તેમજ ધર્મ, સમાજ અને રાષ્ટ્રની સેવા માટે નારીનું સશકિતકરણના એ શુભ ઉદેશ થી ચંડિકા સેનાની રચના કરવામાં આવી છે. સનાતન ધર્મનો પ્રચાર અને પ્રસાર ગામે, નગરે, શહેરે, દેશ-વિદેશ માં થાય તેમજ હિન્દુ જાગે છે તેમજ હિન્દુત્વ જીવે છે એ વિચારધારા જનમાનસમાં પ્રવાહિત થાય એવી ભાવના સાથે આ ચંડિકા સેનાનું શક્તિશાળી ગઠન થયું હતું. જવાલા ચંડિકાનું રૂપ શ્રી છોટેદાદા સ્વરચિત માઁ ચંડિકાની ગાયત્રી હવનમાં આહુતિ સમયે જવાલામાં ચંડિકાના દર્શન થયા હતા. રુદ્રી ચંડિકાઓ ને પૂજ્ય છોટેદાદાને હસ્તેં ચંદ્ર હાસ ખડગેં આપવામાં આવ્યા હતા. એક આયોજન બદ્ધ રીતે આ સેના કામ કરશે અને એની કાર્યશૈલી દર્શાવતું એક પુસ્તિકા નું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આશરે ૫૦૦૦ થી વધુ બહેનો ચંદિકા સેના સાથે જોડાઈ પોતાની આસ્થા અને શક્તિનું પ્રતિક દર્શાવ્યું હતુ. શ્રી રામ જન્મોત્સવ પર્વે વિશેષ ભંડારો નવનાથ ધામના અન્ન ક્ષેત્રમાં રાખવામાં આવ્યો હતો.

## નવસારી સેવા સદનમાં સખી મંડળ સંચાલિત 'મંગલમ' કેન્ટીન શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **નવસારી, તા. ૦૭ :** નવસારી જિલ્લા સેવા સદનના ગ્રાઉન્ડ ફલોર ખાતે સખી મંડળ સંચાલિત મંગલમ કેન્ટીનનું ઉદ્ઘાટન કરાતા મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભર ભારત અભિયાનને નવું બળ મળ્યું છે. મંગલમ કેન્ટીનના શુભારંભ પ્રસંગે ગાયત્રી સખી મંડળ સંચાલિત મંગલમ કેન્ટીને નવસારી કલેકટર ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારીપુષ્પ લતા તથા વાંસદા - યોજન વહીવટદાર પ્રણવ વિજયવર્ગીય ઉપસ્થિત રહી સખી મંડળના બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી શરૂ થયેલ મંગલમ કેન્ટીનથી ગાયત્રી સખીમંડળની મહિલાઓને આત્મનિર્ભર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. નવસારી કલેક્ટર કચેરીના ગ્રાઉન્ડ ફલોર પર શરુ થયેલ કેન્ટીનથી કચેરીના પરિસરમાં આવેલ નાગરિક સુવિધા કેન્દ્ર અને આસપાસની સરકારી કચેરીમાં આવનાર મુલાકાતીઓ તથા કર્મચારીઓને પૌષ્ટિક નાસ્તો અને જમવાની સુવિધા મળી રહેશે.આ શુભારંભ પ્રસંગે અધિક નિવાસી કલેક્ટર વાય.બી. ઝાલા, નાયબ કલેક્ટર કેયુર ઈટાલિયા, નાયબ કલેક્ટર એસ કે ખુમાણ તથા જિલ્લા સેવા સદનના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચાપલધરાના રામેશ્વર સંકુલમાં શ્રીરામ નવમીની ભવ્ય ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાંસદા, તા. ૦૭ :** ત્રેતાયુગમાં ભગવાન વિષ્ણુના અવતાર સાતમા શ્રી રામનો જન્મ ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની નવમી તીથીએ થયો હતો. એટલા માટે દર વર્ષે હિન્દુ ધર્મમાં રામ નવમી નો તહેવાર વિશેષ મહત્વ ધરાવે છે. જે દુર્ગુણ પર સદગુણના વિજય નું પ્રતીક છે. શ્રી રામ નવમી પર ભગવાન રામની સ્તુતિ અને પૂજા કરવાથી જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે છે. ઉપરાંત ભગવાન રામના વ્યક્તિત્વ માંથી આપણને ગૌરવ પૂર્ણ આદર્શ, ધાર્મિક, કર્તવ્ય નિષ્ઠ જીવન જીવવાની પ્રેરણા મળે છે. જેથી રામ નવમી જન્મોત્સવની ઉજવણી દર વર્ષની જેમ રામેશ્વર સંકુલ ખાતે રામજી મંદિર ચાપલધરા ખાતે મંદિરના સાનિધ્યમાં ૧૫ જેટલા જોડા યુગલ સાથે પૂજા, આરતી, હોમ, યજ્ઞ, ધ્વજા ચઢાવી સાથે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવે છે. જેમાં ગ્રામજનો કુટુંબ, પરિવાર ખુબ મોટી સંખ્યામાં હાજર રહી ઉજવણી કરવામાં આવી હતી.




### આજનું પંચાગ

**તા.** ૦૮-૦૪-૨૦૨૫, **વારઃ** મંગલવાર **તિથિઃ** અગિયારસ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧ **સૂર્ય ઉદયઃ** ૦૬:૨૫ **સૂર્ય અસ્ત :** ૧૮:૫૭ **ચંદ્રરાશિઃ** કર્ક

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજના દિવસે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો.*

**કર્ક(ડ.હ) :** *આજના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.*

**સિંહ(મ.ટ.) :** *આજે તમારે તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે.*

**તુલા (ર.ત.) :** *આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજના દિવસે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો.*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે.*

**મકર(જ.ખ) :** *આજે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કારણ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો. તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજના દિવસે તમારું સ્વાસ્થ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે.*

## નવસારીમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા ખેડૂત મહિલાઓની સક્રિય ભાગીદારી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **નવસારી, તા. ૦૭ :** નવસારી જિલ્લામાં આત્મા અંતર્ગત પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ત્યારે ખેડૂત મહિલાઓની ભાગીદારી નવસારી જિલ્લાના લક્ષ્યને હાંસલ કરવામાં મદદરૂપ બની રહી છે. નવસારી જિલ્લાના ચંદ્રવાસણસુપા ગામના પ્રજ્ઞાબેન પટેલ ફકત એક વિંધામાં આઠથી વધુ શાકભાજી અને ત્રણ ફળોની ખેતી કરી રહ્યા છે. પ્રજ્ઞાબેન પટેલ પોતાના ઘરની બાજુમાં જ આવેલા પોતાના નાનકડા ખેતરમાં છેલ્લા ત્રણ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ત્રણ વર્ષ પહેલા આત્મા પ્રોજેક્ટ અંતર્ગત પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી હતી. જેમાં અધિકારી કર્મચારીઓને ખેડૂત ભાઈબહેનો પોતાના ઘર પરિવાર માટે પ્રાકૃતિક ખેતી કરવા શરૂઆત કરવા આગ્રહ કર્યો હતો. જેના પરિણામે -જ્ઞાબેન સહિત ચંદ્રવાસણસુપા ગામના ઘણા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. પ્રાકૃતિક ખેતી અપનાવતા તેમણે પાકમાં આવેલા બદલાવ અંગે જાત અનુભવ કર્યો અને આજે ત્રણ વર્ષથી સતત પ્રાકૃતિક ખેતી કરી પોતાના પરિવાર અને વેચાણ માટે અનાજ, શાકભાજી અને ફળોનું ઓર્ગેનીંક ઉત્પાદન કરી રહ્યા છે. આજે તેઓના ખેતરમાં ફલાવર, કોબી, લાલકોબી, રીંગણ, મુળા, કાંદા, ગાજર, હળદળ, પાલક, તાંદળજાની ભાજી, રાઈ, બેબી કોર્ન, લીંબુ, કેરી, ચીકુ, સફેદ જાંબુ વગેરે પાક પોતાના પરિવાર અને વેચાણ અર્થે ઉગાડે છે. પ્રજ્ઞાબેનના શબ્દોમા કહીએ તો, પ્રાકૃતિક ખેતીથી શાકભાજી અને ફળોને સ્વાદ મીઠો લાગે છે. સ્વાદમાં ફર્ક અનુભવી શકાય છે. ઉપરાંત ખાતર અને નિંદામણનો ખર્ચ નથી આવતો જેના કારણે આવક વધારે મળે છે. પ્રાકૃતિક હોવાના કારણે પાકના વેચાણમાં પણ કોઈ તકલીફ નથી પડતી. ગ્રાહકો ઘર બેઠા આવી પાક લઈ જાય છે. પ્રાકૃતિક ખેતી ખરેખર ઓછા ખર્ચે વધુ નફો આપે છૅ. આ ઉપરાંત તેઓ પાસે ૩૩ જેટલી ગાયો છે. જેમાંથી ૩ ગીર ગાય છે. જેના નિભાવ માટે સરકાર તરફથી વાર્ષિક રૂપોયા ૧૦,૮૦૦/- ની સહાય મળે છે. ૩૩ ગાયોના દુધ થકી પણ ખર્ચ બાદ કરતા ૧૫ થી ૨૦ હજારની માસિક આવક મેળવી પરિવારને આર્થીક મદદરૂપ બન્યા છે. નવસારી જિલ્લામાં ૨૧૭૩૬ ખેડૂતો દ્વારા કુલ-૭૦૭૪ એકરમાં વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ વિસ્તારી છે. આત્મા (એગ્રિકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી) પ્રોજેક્ટ હજારો ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિની તાલીમ અને આર્થિક સહાય આપી રહી છે. રાજ્ય કક્ષાએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને જિલ્લા કક્ષાએ કલેકટર ક્ષિપ્રા આગ્રેના સીધા માર્ગદર્શન હેઠળ આત્મા પ્રોજેક્ટ નવસારી દ્વારા ખેડૂત ભાઈબહેનો વિવિધ તાલીમમા સહભાગી થઈ પ્રાકૃત્તિક ખેતીની વિધિવત જાણકારી મેળવી નવસારી જિલ્લાને પ્રાકૃતિક ખેતી તરફ આગળ ધપાવી રહ્યા છે.

### દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

**મંગળવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરિત માણસગાન ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - વણ માધુરી (દમણથી), ૯.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૧૦.૩૦ અમદાવાદ વડોદરાથી પ્રસારિત કાર્યક્રમો, ૦૧. ૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. (સાજે પાંચ.૩૦ વાગ્યા સુધી) **સાંજે :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭-૨૦ કિસાન વાણી (દમણથી), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ - સભા સમાપન

Tuesday 08, April 2025
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૨૬/૨૦૨૪

**અરજદાર : હીરાભાઈ કેશવભાઈ પટેલ**
**રહે.** નારગોલ, નવાતળાવ - ૨
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **હીરાભાઈ કેશવભાઈ પટેલ** રહે. નારગોલ, નવાતળાવ તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **સ્વ. માણકીબેન કેશવભાઈ પટેલનું** મરણ તા.૧૦-૦૨-૧૯૮૪ના રોજ મોજે - દેહરી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૨૬/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૪૨/૨૦૨૪

**અરજદાર : ધોડી છીબુભાઈ નરસિંહભાઈ**
**રહે.** ધોડીપાડા કનાડુ, ભીલાડ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. વી.જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી ફણસા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ધોડી છીબુભાઈ નરસિંહભાઈ** રહે. ધોડીપાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના બેન **પીસલીબેન માધાભાઈ ધોડીનું** મરણ તા.૦૩-૦૨-૨૦૦૧ના રોજ મોજે - ફણસા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૨/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**







## જાહેર હરાજી અંગેની નિવિદા

આથી જાહેર હરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ગોંયદી - ભાઠલા ગામે ગ્રામ પંચાયત કચેરી ગોંયદી - ભાઠલા દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઈમલાની જાહેર હરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામતની જે તે સ્થિતિમાં નિયત તારીખ અને સમય પર કરવામાં આવશે. જેથી જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હજર રહેવું.

| ક્રમ | અસ્કયામત અને ઈમલાની વિગત | જાહેર હરાજીની તારીખ | જાહેર હરાજીનો સમય | નક્કી થયેલ અપસેટ પ્રાઈઝ | જાહેર હરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ગોયદી-ભાઠલા તા. ગણદેવી ગામે ભાઠલા હવાડા ફળિયા આંગણવાડી કેન્દ્ર જર્જરીત મકાન | ૧૧/૪/૨૦૨૫ શુક્રવાર | ૧૨:૦૦ કલાકે | ભાઠલા આંગણવાડી રૂ.૭૨૦૦ અંકે રૂપિયા સાત હજાર બસો પુરા | ગ્રામ પંચાયત ગોંયદી :ભાઠલાા તાલુકો - ગણદેવી, જિલ્લો - નવસારી |

**જાહેર હરાજીની શરતો :** બોલીઓ, નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોક્ત અસ્કયામતના ઈમલાની જાહેર હરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓનો રહેશે.

**સહી/-**
**તલાટી કમ મંત્રી**
**ગ્રામ પંચાયત ગોંયદી ભાઠલા**
**તા.ગણદેવી, જી.નવસારી**

**સહી/-**
**સરપંચ**
**ગ્રામ પંચાયત ગોંયદી ભાઠલા**
**તા.ગણદેવી, જી.નવસારી**

**No.MAM/SIL/RTS/RBD-DNH/21/Death/2025/1287 Dated : 19/3/2025**

**APPLICANT- Hanshaben Ashokbhai Patel,**
**Presently Residing at B/h., Hotel Seven, Naroli,**
**Silvassa, DNH.**
**Mo.7265892819**
**V/S**
**OPPONENTS- Registrar of Births & Deaths, Silvassa Municipal Council.**

**NOTICE**

The public to take note that the above, named applicant Hanshaben Ashokbhai Patel's son namely Ankurbhai Ashokbhai Patel, who was died on 02/04/2016 at Shri Vinoba Bhave Civil, Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said death was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register death of Ankurbhai Ashokbhai Patel. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૨૫/૨૦૨૪

**અરજદાર : હીરાભાઈ કેશવભાઈ પટેલ**
**રહે.** નારગોલ, નવાતળાવ - ૨
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **હીરાભાઈ કેશવભાઈ પટેલ** રહે. નારગોલ, નવાતળાવ તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **સ્વ. કેશવભાઈ દાજીભાઈ પટેલનું** મરણ તા.૨૪-૦૯-૧૯૯૪ના રોજ મોજે - દેહરી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૨૫/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૪૫/૨૦૨૫

**અરજદાર : લક્ષીભાઈ વાલુભાઈ કાંકડ**
**રહે.** તુંબ, ડુંગરીપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી તુંબ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **લક્ષીભાઈ વાલુભાઈ કાંકડ** રહે. તુંબ, ડુંગરીપાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમની માતા **માહીબેન વાલુભાઈ કાંકડનું** જન્મ/મરણ તા.૦૩-૦૭-૧૯૮૩ના રોજ મોજે - તુંબ, ડુંગરીપાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૫/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૨૨૨/૨૦૨૪

**અરજદાર :- દેવેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ**
રહે. ડુંગરી બેરવાડ ફળિયા તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી ડુંગરી
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **દેવેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ**, રહે. ડુંગરી બેરવાડ ફળિયા તા.પારડી જી.વલસાડનાએ તેઓના દાદા **રામભાઈ ઉર્ફે રામાભાઈ બાવાભાઈ પટેલનું** મરણ તા.૧૫/૦૫/૧૯૮૫ ના રોજ મોજે- ડુંગરી તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૪/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૨૨૨-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૪૩/૨૦૨૪

**અરજદાર : દલુભાઈ પ્રેમાભાઈ કોળી**
**રહે.** મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. વી.જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મરોલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **દલુભાઈ પ્રેમાભાઈ કોળી** રહે. મરોલી તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના કાકી **કાશીબેન બાવાભાઈ કોળીનું** મરણ તા.૧૫-૦૮-૧૯૭૨ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૩/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૪૪/૨૦૨૫

**અરજદાર : લક્ષીભાઈ વાલુભાઈ કાંકડ**
**રહે.** તુંબ, ડુંગરીપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી તુંબ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **લક્ષીભાઈ વાલુભાઈ કાંકડ** રહે. તુંબ, ડુંગરીપાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **વાલુભાઈ દિવાલભાઈ કાંકડનું** જન્મ/મરણ તા.૨૨-૦૫-૧૯૮૩ના રોજ મોજે - તુંબ, ડુંગરીપાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૫૦/૨૦૨૪

**અરજદાર : મહેશભાઈ શામજીભાઈ ભાનુશાલી**
**રહે.** અણગામ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. વી.જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, અણગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મહેશભાઈ શામજીભાઈ ભાનુશાલી** રહે. અણગામ તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **શામજીભાઈ ગંગાજીભાઈ ભાનુશાલીનું** મરણ તા.૨૯-૧૨-૨૦૨૨ના રોજ મોજે - અણગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૫૦/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## નિલકમલ લિમિટેડ

CIN: L25209DN1985PLC000162
રજી ઓફીસ: સર્વે નં. ૩૫૪/૨ અને ૩૫૪/૩, રાખોલી બ્રીજ પાસે, સિલ્વાસા-ખાનવેલ રોડ, વસોના ગામ, સિલ્વાસા - ૩૯૬૨૩૦ (કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ)
ટેલિ. નં.: ૦૨૨-૪૨૩૫૮૮૮૮ • વેબસાઈટ: www.nilkamal.com • ઈ-મેલ: Investor@nilkamal.com

Nilkamal®

### પોસ્ટલ બેલેટ નોટિસ અને ઈ-વોટિંગની જાણકારી

કંપની ધારા, ૨૦૧૩ (**કાયદો**)ના સેક્શન ૧૦૮ અને ૧૧૦, કંપનીઓ (વ્યવસ્થાપન અને વહીવટ). નિયમો ૨૦૧૪ પૈકી નિયમ ૨૦ અને ૨૨ (**નિયમો**) અને કાયદા તથા નિયમોની અન્ય લાગુ પડતી જોગવાઈઓ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરાયેલ સાધારણ સભાઓ પર સેક્રેટરિયલ સ્ટાન્ડર્ડ (એસએસ-૨), કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા ઈસ્યૂ કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, તા. એપ્રિલ ૮, ૨૦૨૦ અને ૧૭/૨૦૨૦, તા. એપ્રિલ ૧૩, ૨૦૨૦ને અન્ય સંબંધિત પરિપત્રો તે સામાન્ય પરિપત્ર નં. ૧૦/૨૦૨૧, તા. જૂન ૨૩, ૨૦૨૧ અને સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૧ તા. ૦૮મી ડિસેમ્બર, ૨૦૨૧, સામાન્ય પરિપત્ર નં. ૧૦/૨૦૨૨ તા. ૨૮મી ડિસેમ્બર, ૨૦૨૨, સામાન્ય પરિપત્ર નં. ૦૯/૨૦૨૩ તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ અને સામાન્ય પરિપત્ર નં. ૯/૨૦૨૪ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૪ (**એમસીએ પરિપત્રો**), ધ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)(લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્ક્લોઝર જરૂરિયાતો) નિયમો, ૨૦૧૫ (લિસ્ટિંગ રેગ્યુલેશન્સ)ના રેગ્યુલેશન ૪૪, અને અન્ય લાગુ પડતા કાયદાઓ, નિયમો અને રેગ્યુલેશન્સ (પ્રવર્તમાન હોય એવા કોઈ સ્ટેચ્યુટરી સુધારા અથવા રિએનેક્ટમેન્ટ અને વખતોવખત થયેલા સુધારાઓ સહિત) અનુસાર કંપનીએ **શુક્રવાર, ૨૮મી માર્ચ, ૨૦૨૫ના** રોજ જે સભ્યોના ઈ-મેઈલ એડ્રેસિસ કંપની/ડિપોઝીટરીઝ પાસે નોંધાયેલા છે અને જેમના નામો કંપનીના સભ્યોના રજિસ્ટરમાં નોંધાયેલા છે અથવા ડિપોઝીટરીઝ દ્વારા રખાતા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં છે તેમને પોસ્ટલ બેલેટ નોટિસની **સોમવાર, ૦૭મી એપ્રિલ, ૨૦૨૫ના** રોજ ઈલેક્ટ્રોનિક માધ્યમથી રવાનગી પૂરી કરેલ છે જેમાં ઈલેક્ટ્રોનિક સાધનોથી પોસ્ટલ બેલેટ દ્વારા કંપનીના શેરધારકોની નીચેની બાબતે મંજૂરી જોઈએ છે:

| ક્રમ | ઠરાવનો પ્રકાર | ઠરાવ |
|---|---|---|
| ૧ | સ્પેશિયલ | કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે હોદ્દેદાર શ્રી. હિતેન વી. પારેખ (DIN: ૦૦૦૩૭૫૫૦) ની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે પુનઃનિયુક્તિની મંજૂર કરવા માટે |
| ૨ | સ્પેશિયલ | કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે હોદ્દેદાર શ્રી. હિતેન વી. પારેખ (DIN: ૦૦૦૩૭૫૫૦) ની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકેના વેતનની ચૂકવણીની મંજૂર કરવા માટે |
| ૩ | સ્પેશિયલ | કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે હોદ્દેદાર શ્રી. મનીષ વી. પારેખ (DIN: ૦૦૦૩૭૭૨૪) ની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે પુનઃનિયુક્તિની મંજૂર કરવા માટે |
| ૪ | સ્પેશિયલ | કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે હોદ્દેદાર શ્રી. મનીષ વી. પારેખ (DIN: ૦૦૦૩૭૭૨૪) ની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકેના વેતનની ચૂકવણીની મંજૂર કરવા માટે |
| ૫ | સ્પેશિયલ | કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે હોદ્દેદાર શ્રી. નયન એસ. પારેખ (DIN: ૦૦૦૩૭૫૯૭)ની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે પુનઃનિયુક્તિની મંજૂર કરવા માટે |
| ૬ | સ્પેશિયલ | કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે હોદ્દેદાર શ્રી. નયન એસ. પારેખ (DIN: ૦૦૦૩૭૫૯૭)ની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકેના વેતનની ચૂકવણીની મંજૂર કરવા માટે |

કંપનીએ તેના સભ્યોને રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ની સેવાઓ રોકી છે. રિમોટ ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા પોસ્ટલ બેલેટ નોટિસના ભાગ રૂપે સૂચિબદ્ધ છે.

| **રિમોટ ઈ-વોટિંગનું સમયપત્રક:** | |
|---|---|
| રિમોટ ઈ-વોટિંગ માટે પાત્ર થવા માટેની કટ ઓફ ડેટ | **શુક્રવાર, ૨૮મી માર્ચ, ૨૦૨૫ના** |
| રિમોટ ઈ-વોટિંગની શરૂઆત | **બુધવાર, ૯મી એપ્રિલ ૨૦૨૫ના રોજ સવારે ૯.૦૦ કલાકે (IST)** |
| રિમોટ ઈ-વોટિંગનું સમાપન | **ગુરુવાર, ૮મી મે, ૨૦૨૫ના રોજ સાંજે ૫.૦૦ કલાકે (IST)** |

સભ્યોની સંમતિ અથવા અસંમતિનો સંદેશાવ્યવહાર ફક્ત રિમોટ ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા જ થશે. સભ્યોના મતદાન અધિકારો કટ ઓફ ડેટ મુજબ કંપનીની પેઈડ અપ ઈક્વિટી શેર મૂડીમાં તેમના દ્વારા ધરાવતા શેરના પ્રમાણમાં રહેશે.

જે વ્યક્તિ કટ ઓફ તારીખ ના રોજ સભ્ય નથી તેમણે નોટિસને ફક્ત તેમની માહિતીના ભાગ રૂપે ગણવી. એક વખત ઠરાવ પર મતદાન કર્યા પછી ફરીથી સભ્ય મત આપવા અથવા મત બદલવા હકદાર રહેશે નહીં.

રિમોટ ઈ-વોટિંગનું સમયગાળો **ગુરુવાર, ૮મી મે, ૨૦૨૫ની** રોજ સાંજે ૫ વાગ્યે સમાપ્ત થશે અને એના પછી રિમોટ ઈ-વોટિંગની પ્રક્રિયા (module), એન એસ ડી એલ (NSDL) દ્વારા બંધ કરવામા આવશે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે પોસ્ટલ બેલેટ ની પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શિતાથી થાય તે માટે શ્રી ભાસ્કર ઉપાધ્યાય (Membership No.: ૮૬૬૩, COP ૯૬૨૫), પાર્ટનર, મેસર્સ એન એલ ભાટિયા અને એસોસિએટ્સ, કંપની સેક્રેટરીની નિમણૂક કરી છે.

પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઈટ **www.nilkamal.com** અને એન એસ ડી એલ (NSDL) ની વેબસાઈટ **www.evoting.nsdl.com** અને સ્ટોક એક્સ્ચેંજ ની વેબસાઈટ જેમ કે બીએસઈ **www.bseindia.com** અને નેશનલ સ્ટોક એક્સ્ચેંજ ઓફ ઈન્ડિયા **www.nseindia.com** ઉપર ઉપલબ્ધ છે.

ડિમેટ સ્વરૂપે શેર ધરાવતા સભ્યો જેમને પોતાનું ઈ-મેઈલ સરનામું તેમના ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાવેલ / અપડેટ કરાવેલ નથી તેઓને તેમના ડી. પી. પાસે પોતાની ઈ-મેઈલ સરનામાની વિગતો નોંધાવા / અપડેટ કરવા વિનંતી છે.

ફિઝિકલ સ્વરૂપે શેર ધરાવતા સભ્યો જેમને પોતાનું ઈ-મેઈલ સરનામું કંપનીમાં નોંધાવેલ / અપડેટ કરાવેલ નથી તેઓને તેમના ઈ-મેઈલ સરનામની અને અન્ય કેવાયસી (KYC) વિગતો નિયત કરવામા આવેલ ફોર્મ ISR-1 કંપનીના રજિસ્ટ્રાર તથા શેર ટ્રાન્સફર એજેંટ મેસર્સ લિંકટાઈમ ઈન્ડિયા પ્રાયવેટ લિમિટેડ સમક્ષ રજૂ કરવા વિનંતી છે. શેરધારકો કંપનીની વેબસાઈટ https://nilkamal.com/all-other-announcements/ પર સંબંધિત ફોર્મ્સ એક્સેસ કરી શકે છે.

ઈ-વોટિંગ ની પ્રક્રિયા સંપૂર્ણ થતાં, સ્ક્રૂટીનાઈઝર તેમનો રિપોર્ટ કંપનીના ચેરમેન અથવા કોઈપણ અધિકૃત વ્યક્તિને સુપરત કરશે અને પોસ્ટલ બેલેટનું પરિણામ સોમવાર, ૧૨મી મે, ૨૦૨૫ ના અથવા પહેલા સ્ટોક એક્સ્ચેંજ ની વેબસાઈટ જ્યાં કંપનીના શેર્સ નોંદાયેલા છે એની ઉપર ઉપલબ્ધ કરવામા આવશે. આ પરિણામ કંપનીં ની વેબસાઈટ **www.nilkamal.com** તથા એન એસ ડી એલ (NSDL) ની વેબસાઈટ ના **evoting@nsdl.co.in** ઉપર પણ જોવા મળશે.

ઈ-વોટિંગ સંબંધિત વિગતો માટે પોસ્ટલ બેલેટ નોટિસનો સંદર્ભ લેવાની વિનંતી છે. ઈ-વોટિંગ સંબંધિત કોઈ પ્રશ્નો હોય તો એના સમાધાન માટે એન એસ ડી એલ **(www.evoting.nsdl.com)** ની ડાઉનલોડ સેક્શન માં શેરધારકો માટે ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઈ-વોટિંગ માર્ગદર્શિકાનો સંદર્ભ સભ્યો લઈ સકે છે તથા (૦૨૨) ૪૮૮૬ ૭૦૦૦ તથા (૦૨૨) ૨૪૯૯ ૭૦૦૦ આ નંબર્સ ઉપર વાત કરી સકે છે અથવા **evoting@nsdl.co.in** પર ઈ મેલ મોકલવી શકે અથવા એન એસ ડી એલ (NSDL), ટ્રેડ વર્લ્ડ, છ વિંગ, ૪ માળે, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩ પર સંપર્ક કરી સકે છે.

**નીલકમલ લિમિટેડ**
સહી/-
**સાગર મેહતા**
કંપની સચિવ અને અનુપાલન અધિકારી
ACS: A 44900

**સ્થળ:** મુંબઈ
**તારીખ:** ૭ એપ્રિલ, ૨૦૨૫




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Tuesday 08, April 2025

# દમણગંગા ટાઇમ્સ



VIMAL ENTERPRISE

શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!



આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ'' જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે

Mo. 9374135780

CONTACT:RAMBHAI KUSHWAHA.

Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001


## સાંસદ ધવલભાઈ પટેલ રાષ્ટ્રપતિ સાથે પોર્ટુગલના પ્રવાસે પહોંચ્યા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૦૭ :** ભારત-પોર્ટુગીઝ સંબંધોને મજબૂત બનાવવા વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઈ પટેલ વલસાડ-ડાંગથી પ્રથમવાર ચુંટાયા ત્યાર બાદ અનેક સિદ્ધિઓ મેળવી છે. હાલ દેશના પ્રથમ નાગરિક, મહામહિમ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સાથે ફક્ત બે સાસંદોની ટીમમાં સામેલ થઈ દેશનું પ્રતિનિધિત્વ કરતા પ્રથમ પ્રસાશનિક આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરી બન્ને દેશના વિકાસ, આંતરિક સમૃદ્ધિ, મજબૂત સંબધો, સુરક્ષાના મુદ્દાઓ સાથે દ્વીપક્ષિય વાર્તાલાપમાં સહભાગી થયા હતાં. જે વલસાડ ડાંગ માટે ગૌરવ નો વિષય છે.

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પોર્ટુગલના રાષ્ટ્રપતિ મહામહિમ માર્સેલો રેબેલો ડીસોસાની પ્રેરક ઉપસ્થિતિમાં સાંસદ ધવલભાઈ પટેલ ભારત અને પોર્ટુગલ વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટોમાં ભારતની સંસ્કૃતિને પોર્ટુગલ પ્રતિનિધિમંડળ સામે પ્રસ્તુત કરી ભાગ મહત્વનો ભાગ ભજવ્યો છે. જેનાથી બન્ને દેશના આગેવાનો ખુબજ પ્રભાવિત થયા હતા.

સાંસદ ધવલભાઈ પટેલના મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે આંતરરાષ્ટ્રીય પ્રવાસથી વલસાડ-ડાંગની જનતા તેમજ ભાજપના કાર્યકર્તાઓ માં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## ગોરવાડાની આંબાવાડીમાં આગ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૦૭ :** વલસાડ તાલુકાના ગોરવાડા ગામે આવેલી એક આંબાવાડીમાં આજરોજ બપોરે આગ લાગવાની ઘટના બનતા વલસાડ નગરપાલિકા ફાયરની બે ગાડીઓ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

વલસાડ તાલુકાના ગોરવાડા ગામમાં આવેલી એક આંબાવાડીમાં આજરોજ ભરબપોરે કોઈક કારણોસર આગ લાગવાની ઘટના બની હતી. આગ લાગવાની ઘટના બનતા જે વલસાડ નગરપાલિકા ફાયર વિભાગની ટીમને કોલ મળતા વલસાડ નગરપાલિકા ફાયર વિભાગની કુલ બે જેટલી ગાડીઓ ઘટના સ્થળે દોડી જઈ આંબાવાડીમાં પહોંચી આગ ઉપર પાણીનો મારો ચલાવ્યો હતો. આગમાં મોટા ભાગની આંબાવાડીનો ભાગ આગની ચપેટમાં આવી ગઈ હતી. પાલિકાના ફાયર બ્રિગેડની ટીમે કલાકો સુધી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આગ લાગવાની ઘટનામાં આંબાવાડીનો ભાગ બળી જતા કેરીના પાકને નુકસાન થયું હતું.

## વલસાડ પાલિકાનાં ટી. પી. કમિટિના ચેરમેનનું રાજીનામું

### પાલિકાની આરોગ્ય કમિટીનાં ચેરમેને વારંવાર અપમાન કરતાં ટી.પી. કમિટીના મહિલા ચેરમેને પાલિકાના સભ્યપદેથી રાજીનામું ધરી દેતાં પાલિકામાં ખળભળાટ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૦૭ :** વલસાડ નગરપાલિકામાંથી ભાજપમાં વોર્ડ નંબર ૬ની સામાન્ય સ્ત્રી બેઠક પરથી ચૂંટાયેલા અને ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન તરીકે સેવા આપતા મહિલા કાઉન્સિલરને વોર્ડ નંબર ત્રણમાંથી ચૂંટાયેલા ભાજપે સભ્ય અને આરોગ્ય ચેરમેને વારંવાર અપમાન કરતા હોય અને પોતાની મનમાની કરતા ત્રાસી જવાના કારણે આજરોજ વોર્ડ નંબર ૬ની મહિલા સભ્ય એ સભ્ય પદેથી ચૂંટણી અધિકારીને રાજીનામું આપી દેતા વલસાડ નગરપાલિકાના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.

વલસાડ નગરપાલિકાની ચૂંટણી બાદ હાલમાં જ વલસાડ જિલ્લા ભાજપ દ્વારા નગરપાલિકાની બાકી રહેલી વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી. જેમાં ચેરમેન વોટરવર્ક ચેરમેન, લાઈટ એન્ડ ફાયર, ટાઉન પ્લાનિંગ, આરોગ્ય સમિતિ, સહીત ૧૪ જેટલી અલગ અલગ સમિતિઓના ચેરમેનો અને તેના સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી. બે દિવસ અગાઉ વલસાડ નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ અને આરોગ્ય ચેરમેન હિતેશ ભંડારી સહિત કેટલાક પાલિકાના ચેરમેને વલસાડ એસટી ડેપો સામે આવેલ કલ્યાણ બાગ બહાર અને વલસાડ ડેપો બહારની મસ્જિદની બાજુમાં ગેરકાયદેસર દબાણો દૂર કરતાં પાલિકાના ટાઉન પ્લાનિંગ કમિટીનાં ચેરમેન ઉર્વીબેન માલી ને સોશિયલ મીડિયા દ્વારા જાણ થતાં તેમણે પાલિકા આરોગ્ય ચેરમેન હિતેશ ભંડારીને ફોન કર્યો હતો પરંતુ હિતેશ ભંડારી ફોન મૂકી દીધો હતો જેથી તેમણે વોર્ડના સભ્ય જીગ્નેશ કંસારાને ફોન કરતા વાત ચાલી રહી હતી તે દરમિયાન હિતેશ ભંડારીએ ફોનમાં ગમે તેમ બોલી ફોન મુકાવી દીધો હતો . ટાઉન પ્લાનિંગ ચેરમેન ઉર્વી બેન માલીને અપમાન કર્યું હોવાથી આજરોજ તેમણે ભાજપના સભ્ય એવાં ટાઉન પ્લાનિંગ કમિટીનાં ચેરમેન ઉર્વીબેન માલીએ ચૂંટણી અધિકારી અને પાલિકા પ્રમુખ ને ટાઉન પ્લાનિંગ કમિટી સાથે સભ્યપદે થી પણ રાજીનામું આપી દેતા વલસાડ નગરપાલિકાના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.

## વાપીની પેપરમીલને આપેલ ચેક રિટર્ન થતાં ગોવાની કંપનીના સંચાલકને કેદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૬ :** વાપી જીઆઈડીસીમાં આવેલી પેપર મીલમાંથી માલ ખરીદીને તેની અવેજમાં ૧૭ લાખની રકમનો લખી આપવામાં આવેલો ચેક રિટર્ન થવાના કેસમાં કોર્ટે ગોવાના કંપની સંચાલકને તકસીરવાર ઠેરવ્યો હતો. આ સાથે જ કોર્ટે આરોપીને એક વર્ષની કેદની સજા ઉપરાંત વાપીની કંપનીને રૂપિયા ૩૪ લાખ ચુકવી આપવા હુકમ કર્યો હતો.

રક્ત વિગત મુજબ વાપીની બેસ્ટ પેપર મીલ પ્રા.લી.માં એમ .જી.ક્રાફટ પેપર અને પેપર બોર્ડ્ વિગેરેનુ ઉત્પાદન થાય છે. જ્યારે જય માતાદી ઈન્ડસ્ટ્રીઝના નામથી ધંધો કરનારા અયપ્પા મરાઠા ઉર્ફે પુરષોતમ ગણપત મરાઠેએ વાપીની પેપર મિલને પાસેથી માલ ખરીદવા માટે ઘણાં ઓર્ડરો આપ્યા હતા. આ માલ પેટે તેણે રૂા. ૧૭,૦૦,૦૦૦નો પોસ્ટ ડેટેડ ચેક તા.૩૦/૩/૧૦ના રોજ આપ્યો હતો. આ ચેક વાપીની પેપર મિલના સંચાલકે બેંકમાં જમા કરાવતા તે અપુરતા ભંડોળને કારણે પરત થયો હતો. ત્યારબાદ પેપર મિલના સંચાલકે વકીલ મારફતે જય માતાદી ઈન્ડસ્ટ્રીઝને નોટીસ મોકલી હતી. જે બાદ પણ રકમ ન ચુકવાતા આખરે વાપીની કોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. આ મામલે આરોપી જય માતા દી ઈન્ડસ્ટ્રીઝએ પ્રોપરાઈટરી ફર્મ થુ ઈટસ પ્રોપરાઈટર અયપ્પા મરાઠા ઉર્ફે પુરષોતમ ગણપત મરાઠેને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના સજાને પાત્ર ગણી ગુન્હામાં તકસીરવાર ઠેરવ્યા હતા. આ સાથે જ કોર્ટે આ કેસના

આરોપીને એક વર્ષની સાદી કેદની સજા પણ કરી હતી. ઉપરાંત ફરીયાદીને આરોપીએ વળતર પેટે ચેકની રકમથી ડબલ રકમ રૂા. ૩૪,૦૦,૦૦૦ ચુકવવાનો હુકમ પણ વિદ્વાન ન્યાયાધીશ આર.વી. જોટાણીયાએ કર્યો હતો.

## રાતામાં બાળકીની છેડતી પ્રકરણના આરોપીના જામીન ફગાવાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૭ :** વાપીના રાતા વિસ્તારમાં છ વર્ષની બાળકીની છેડતી પકરણના આરોપી કુંદન રૂપચંદ યાદવની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગત મુજબ વાપી તાલુકાના રાતા વિસ્તારમાં આવેલ એક ચાલમાં રહેતા ૨૫ વર્ષના ઈસમ ચંદ્રશેખર ઉર્ફે કુંદન રૂપચંદ યાદવ દ્વારા જાન્યુઆરી ૨૦૨૫ માં એક છ વર્ષની બાળકી સાથે છેડતી કરવાનો ગુનો કર્યો હતો જે અંગે સ્થાનિક લોકો દ્વારા ભારે ઉભા રો મચાવી આરોપીની પોલીસે ઘર પકડ કરી હતી. જે પ્રકરણમાં પોલીસે ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરતા જ આરોપી દ્વારા જેલમાંથી મુક્ત થવા વાપીની એડિશનલ સેસન કોર્ટમાં રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી કરવામાં આવી હતી જે અંગે વાપી કોર્ટના એડિશનલ જજ ટીવી આહુજાની કોર્ટમાં સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની ધારદાર દલીલો ને રાખીને આરોપી કુંદન રૂપચંદ યાદવની જામીન અરજીના મંજૂર કરવાનો હુકમ કરાયો છે.

## વલસાડમાં ઔરંગા બ્રિજ પરથી ટ્રેનમાંથી પટકાયેલા યુવકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ શહેરની ઓરંગા નદીના રેલવે બ્રિજ પરથી વાપીથી સુરત તરફ જઈ રહેલી ટ્રેનમાંથી કોઈ અગમ્ય કારણોસર મુસ્લિમ યુવાન ટ્રેનમાંથી નીચે પટકાતા તેનું ઘટના સ્થળે કમ કમાટીભર્યું મોત નીપજ્યું હતું.

વલસાડ શહેરની ઔરંગા નદીના રેલવે બ્રિજ પરથી વાપીથી સુરત તરફ જઈ રહેલી ટ્રેનમાંથી કોઈ અગમ્ય કારણોસર મુસ્લિમ યુવાન ટ્રેનમાંથી નીચે યુવાન પટકાતા યુવાનનું ઘટના સ્થળે કમ કમાટીભર્યું મોત નીપજ્યું હતું. ટ્રેનમાંથી યુવાન નીચે પટકાતા જેની જાણ સ્થાનિક લોકોએ વલસાડ પોલીસને કરાતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પોલીસે યુવાનની તપાસ કરતા તેની પેન્ટમાંથી વાપીથી અજમેર જવા માટેની ટ્રેનની ટિકિટ મળી આવી હતી. ત્યારે બાદ વલસાડ પોલીસે નિકુંજ પટેલને જાણ કરતા તેઓ પોતાની એમ્બ્યુલન્સ લઈ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અન્ય યુવાનોની મદદ લઈ મુસ્લિમ યુવાનનો મૃતદેહને એમ્બ્યુલન્સ મૂકી વલસાડની સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.